૭૦૨૧

ગુજરાતી

त्रीजी चोपडीना अर्थ.

कवितानी समजुती साथे,

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર.

शा. फकीरभाई कीलाशा.

तथा

शा. मगनलाल देवचंद,

અમદાવાદ

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને
જ૦ એ૦ કં૦ "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યા.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭.

કિંમત ૩ આના.

ગુજરાતી ત્રીજી ચોપડીના અર્થ.

ના=નામ.
સ=સર્વનામ.
વી=વીશેષણ.
ક્રી=ક્રીયાપદ.
અ=અવ્યય.
કૃ=કૃદંત.

પાઠ ૧ લો.

ભાગ (ના) કડકા.
આળસૂ=(વી) સુસ્ત એ
ડાઘીઓ(વી)ડાઘવાળો
ડાઘેલ (કુતરાનું નામ)
પાલવવું (ક્રી) ખોજવું, પરવડવું.
મુર્ખા=બેવકુફ,અણઘડ
રમતીઆળ (વી) જેનો રમતમાં જીવ ઘણો તે, નાદાન.
પરવડવું (ક્રી) ખોજવું, પાલવવું.
ઓરો(અ) આમ,આણી તરફ,અહીંઆં
ચોકી(ના)પેહેરો,ચોકશી
મુક્યો=મેહલ્યો,બેસાડ્યો.
દર(ના)મોટું બાકું,કાણું.
ચકલી(ના) મોટી ચકલી.
પંખી (ના) પાંખવાળા પશુ પક્ષી.
ચારો(ના)ઘાસ, તખલાં વગેરે.
ધણી(ના)શેઠ, માલીક.

પાઠ ૨ જો.

ઝંખવાણો=ઝાંખોવીલો
મચ્યાં=મંડ્યાં, વળગ્યાં.
જીવતર (ના) જીવવું, જીંદગાની.
લાગલું(અ)તરત;પાધરૂં
તાકીદ=ઝડપ, ઉતાવળ.
નવરાસ (ના) ફુરસદ.
મન=દીલ, ચીત્ત, હૈયું.
વીચાર (ના) મનસુબો તોલ, ખ્યાલ.
સરખાં=જેવાં,બરાબર,
નકામા (વી) કામ વગરના; કામથી પરવારેલા; નવરા.
જનાવર (ના) ચોપગાં પશુ, જાનવર, હેવાન.
કામ=ધંધો;રોજગાર.
જગત=દુનીઆ પ્રથ્વી.
ઠોઠ(ના)મુરખ અણઘડ.
વલે(ના) હાલ, હવાલ.
પસ્તાવો(ના)ખેદ, અફસોસ; દલગીરી.
ફેરવીને (કૃ) બદલીને.

પાઠ ૩ જો.

સદાચરણ (ના) સારી ચાલ; સારા આચરણ, સારી રીત.
પહેલ (અ) પહેલાં.
સહેલ(અ) સહેલીરીતે.
વાણ(ના) વાણી, મધુર શબ્દ.
જન(ના)માણસ,સખસ
કોપવું(ક્રી) ગુસ્સે થવું, રીસે ભરાવું.
જનમ=જીંદગાની; દેહ.
મીઠી (વી) સારી,મધુર.
ડાહ્યો(વી)શાણો; સમજુ, સમજણવાળો.

(કવિતાની સમજુતી). (૧).

જે માણસ જગતમાં જનમીને પેહેલ વેહેલાં સારી રીતથી આ-

લવું એવું જે સમજે, તે સહેલથી સુખ પામે. (૧) જે માણસ જાણીતી વાતો કર્યા કરે, ને મોઢેથી મીઠા શબ્દ બોલે, તેમ બીજા ઉપર ગુસ્સા કરે નહી, તેને ડાહ્યો જાણીતો સમજવો. (૨).

પાઠ ૪ થો.

વગડાઉ(વી)રાની. જંગલમાંની.
ડાંસ–મચ્છર, મગતરાં.
ટુંકા(વી) નાના, બટકા.
ધાર(ના)વેહતી કોરણ.
જબરૂ (વી) જોરાવર.
જોરાવર (વી)મજબુત.
પછવાડે–પાછલી તરફ.
વળેલાં(વી) મરડાયલાં.
કોરે (ના) બાજુએ.
કઠણ (વી) મજબુત.
વાળ(ના)બાલ,નીમાળા
આછા(વી)થોડા,ઝીણા.
હીંડેછે (ક્રી) ચાલેછે.
દીલ (ના) શરીર અંગ.
તળાવ(ના)નાનુંસરોવર
નર (ના) ભાયડા, મરદ.
હળ (ના) જમીન ખેડવાનું લોઢાનું અણીદાર હથીઆર.
પોચા (વી) નરમ.
પુરી પડે(ક્રી) બરઆવે; હંફાવે; સામી થાય.

પાઠ ૫ મો.

ગળાગાળી=ગાળંગાળા
સ્વભાવ(ના) ખાશીયત, મીજાજ. પ્રકૃતી.
સજા (ના) શીક્ષા.
દંડ(ના) ગુન્હાને બદલે રૂપીયા લેવાની શીક્ષા.
રાજકુંવર (ના) રાજાનો છોકરો, રાજપુત્ર.
શીક્ષા (ના) સજા દંડ.
વડાઇ (ના) મોટાઇ.
અણસમજુ (વી) સમજણ વગરનો, નાદાન.
યાદરાખવું(ક્રી) સંભરાવવું; ભુલી ન જવું.
સાર(ના)સાર, મતલબ.
નઠારો(વી)ખરાબ ભુંડો.
ગરીબ(વી) પૈસા વગરનો; નીરધન, રંક.
ફરીયાદ(ના)અરજ.રાવ
કચેરી(ના) દરબાર, રાજસભા.
ઠરાવેલો(વી)ઠરેલ,મુકરર કરેલો.
બંધીખાને (ના)કેદખાને
ઘટેતેવી(વી)જોઇયેતેવી, લાયક.
માફ(ના)જવાદેવું ક્ષમા.
વચન(ના)સુખન. વેણ.
કુંવર (ના) છોકરો, રાજપુત્ર.
વેળા(ના)વખત, સમો.
જવાદઉ(ક્રી) માફ કરૂં, મુકી દઉં.

પાઠ ૬ ઠો.

ભાખતા (વી) કહેતા, બોલતા.
જશ(ના) માન, કીર્તિ.
બાળકી (ના) છોકરી.
તોલ (ના) વકર, ભારબોજ, આબરૂ.
ભુંડા(વી) ખરાબ, દુષ્ટ.
ભુંડું (ના) નઠારૂં, ખરાબ શબ્દ.
ખોટી(વી)નઠારી,નકામી
જગ(ના)જગત;દુનીયાં.
મુરબ્બ(ના)સેવક,ઠાકોર.
જાણવો (ક્રી) સમજવો.
દુખીઆ (વી) હેરાન, દુખી.
બાળક (ના) છોકરો.

બોલ (ના) શબ્દ. | નકી (અ) અવશ્ય, નીશ્ચે | નાર (ના) બાયડી; બઈરી

(કવિતાની સમજુતી.) (૨)

ભુંડા લોકો મોંમાંથી નઠારા શબ્દ બોલીને, લોકોની નઠારી ગાળો ખાય, એવા મોટા બેવકુફોની જગતમાંથી આબરૂ ઓછી થાય છે. (૧) જે માણસ નઠારા શબ્દ બોલે, ને સામા માણસને ગાળ દે ને પોતે ખાય, તેને અણઘડ સમજી લેવો તે આગળ જતાં બહુ હેરાન થાય. (૨). માટે જે છોકરી કે છોકરો જેવો બોલ બોલશે, તેવોજ લોકોમાં તેનો ભાર વકર વધશે. (૩)

પાઠ ૭ મો.

દેશ (ના) મુલક.
ચાલ (ના) ધારો, રીત.
રીતભાત (ના) રીત રસમ
સુરવાળ=સાંકડી ઈજાર.
ચારણો (ના) ટુંકો લેંઘો.
પહેરવેશ (ના) પોશાક, પેહેરેલાં લુગડાં.
મારવાડી (ના) મારવાડના રેહેવાસી.
ઘુમટો (ના) માથાપર ઓઢેલો છેડો, મોંપર અગાડી કાઢવો તે; (લાજ)
ધોતીઆં (ના) પોતીઆં
દક્ષીણી=દક્ષીણ દેશના રેહેવાશી.
સાહેબલોક (ના) ગોરા લોક; અંગ્રેજ લોક, ટોપીવાળા.
બઈરાં (ના) બાયડીઓ.
ચાઘરા (ના) ઘેરવાળા ખુલતાં ચણીઓ.
બોલી (ના) ભાષા.
ફેર (ના) તફાવત, ફરક.
ભાકર (ના) રોટલી.
રોટી (ના) રોટલી.
હબસી (ના) સીદી.
ગોરી=સફેદ, ઉજળી,

પાઠ ૮ મો.

સંઘરો (ના) એકઠું, ભંડોળ, છત, શીલક.
કણ (ના) રજકણ, કણી.
સંગ્રહ (ના) એકઠું.
રૈયત (ના) પ્રજા.
સંઘાત=સોબત, સાથે.
દુકાળ (ના) મોંઘવારી, અનાજ પાણી નહી મળે એવો વખત.
કોઠાર (ના) દાણા ભરી મુકવાનો કાદવનો કે લાકડાંનો ખજાનો.
હેરાન (અ) દુખી.
સુકાલ (ના) સોંઘવારી
પ્રધાન (ના) વજીર, કરતા હરતો.
પોપડા (ના) પડ.
ગંજીઓ (ના) ઘાસના મોટા ઢગલા.
ખાણ (ના) અનાજ ભરે મુકવાને ભોંયતળીઆ નીચે કુવા જેવા કરેલા ખાડા.
અચરજ (ના) નવાઈ
ચંદી (ના) દાણો ચણા
વીના (અ) વગર, શીવાય.
દુબળાં (વી) નબળાં, સુ

ડહાજ.
જોર=શકતી, બળ, કસ.
કારણ(ના)સબબ, ભેદ.

દેખાડયું (ક્રી) બતાવ્યું.
ડાહાપણ (ના)ચતુરાઇ
વસે (ક્રી) રહે.

સંપે=સંપથી, હળીમળી
સદા(અ) રોજ, નીત્ય
સર્વ (વી)સઘળા, બધા

(કવિતાની સમજુતી). (૩).

કીડી જરા કાંઈ રચાણ પડી હોય તે પણ એકઠી કરે એવી એ જનાવરની જાત જુઓ; કે બધી સાથે સંઘાતથી કેવી સદા હળી મળીને રહેછે.

પાઠ ૯ મો.

છાંઅડો (ના) શીંગો.
વડવાઇ (ના) વડનાળાં બા લટકતા ફાંટા.
અસલ (અ) અગાઉનું જુનું, પેહેલું.
ઘટા (ના)રચના,છાયા; (ઝાડનું ફેલાવું તે).
કાબર(ના)કલકલઅવાજ કરતું કાબરૂં પક્ષી
ટેટા (ના) વડનાં ફળ.
આરામ(ના) સુખ;ચેન; વીશ્રામ.
ઈમારત(ના)ઊંચીબાંધણીનું ઘર. હવેલી.
થડ (ના)ઝાડનો વચલો ગોળભાગ.
ડાળાં=ઝાડની શીખાથડમાંથી ફુટેલી મોટી ડાળી.
ફાંટા(ના)ડાળામાંથીફુટેલા દોરીઓ જેવાં લટકતાં મુળ.
લટકેછે (ક્રી) ટીંગાયછે. લબડેછે.
ભોંય(ના)જમીન, ધરતી
મુળ (ના) જડ.
ઓળખતાં(કૃ)પીછાંનતાં
પાંદડાં (ના) પાંતરાં.
ફેલાયછે (ક્રિ) પસરેછે, પથરાયછે.
પશુ=ચા પગાં જાનવર
રોપ્યું (ક્રી) વાવ્યું.

પાઠ ૧૦ મો.

વીંછી (ના) ઝેરીજીવડો.
ડંખ (ના) ચટકો.
આંકડો(ના)ઝેરી કાંટો
વીખ (વી)ઝેર, સોમલ
કપાએલું (કૃ)વઢાએલું.
ચોપીયા (ના) પકડવાનાં પાંખીઆં.
ચુસવું(ક્રી)સોસવું,ચુવું.
ચાંદી (ના) ફોલ્લો.
સુઝેલું(કૃ)સુજી આવેલું. ચડી આવેલું.
ઝેરી (વી) વીખવાળો.
ભીંત (ના) દીવાલ,કરો
ફાટ (ના) ચીરો, તડ.
ઠાઠક (ના) ઠંડક.
ઉતાવળો(અ)ઝડપથી.
પીઠ(ના)બરડો વાંસો.
દુઃખ (ના) આપદા.
ઉપાય (ના) ઈલાજ.
ઇજા(ના)દુઃખ વીપત્ત,
મળે(ક્રી)બળે એકઠુથાય.
અવગુણ (ના)નુકશાન. ગેરફાયદો, બીગાડ.
સંભાળીને(કૃ)સાચવીને. તપાસીને.
ફીકર=ચીંતા, સોચના

પાઠ ૧૧ મો.

છોડીઓ(ના)છોકરીઓ
વીલાયત (ના)અંગરેજ-

લોકુનો દેશ.
ખબરદાર(વી)હોશીયાર
સૂખી=સારા સુખીયારા
સરખી=બરાબર,જેવી.
વાહાલી(વી)પ્યારી, હે-
તવાળી.
જરાય (અ) લગારે.
રોતી (ક) રડતી.
કજીઓ(ના)કંકાસ,ટંટો.
સમજાવીને (ક્રી)પટાવી-
ફોસલાવીને.
ઢોર (ના)ચોપગાં જાન-
વર. (મુખ્ય)
મોટાપણે(ના)મોટીઉમરે
બાયડીઓ(ના) બંઇરી
ઓ, સ્ત્રીઓ.
ભાયડા(ના)મર્દ,માટીડા
ગાંડી(વી)ઘેલી, નાદાન.
અણસમજુ.

પાઠ ૧૨ મો.

અવાજ(ના)સાદ, સોર.
પાંજરૂં (ના)પીંજરૂં, પ-
ક્ષીનેરેહેવાસારૂ બના
વેલું સળીઆ જડેલું
જાળી જેવું ગોળ.
પાળવું(ક્રી)પોષવું, રક્ષ-
ણ કરવું.
અર્થ(ના)માએના, મત
લબ, સ્વાર્થ.
દીઠો (કૃ) જોએ.
માળો(ના)પક્ષીને રેહે-
વાનું ઠેકાણું.
ફળ(ના)જાંબુ,કેરી, દા-
ડમ જમરૂખ વીગેરે
લીલો મેવો.
જુદાં(વી)નોખાં,છુટાં.
અનાજ (ના)ધાન્ય,દા-
ણો.
મરજી(ના)ઇચ્છા, ખુશી
સમજે (ક્રી) જાણે.

પાઠ ૧૩ મો.

અતોલ(વી)ઘણોજ,
જેનો તોલ નહી તે.
પ્રીત=હેત,પ્રીતી,માયા.
કાંઠલો(ના) ગળચવો.
સુણતાં (ક) સાંભળતાં.
નમણું (વી) નમેલું.
ધાક (ના) બીક, ડર.
મનુષ્ય (ના) માણસ.
અંગ(ના) શરીર, દીલ.
અથાગ (વી) ઘણોજ,
જેનો થાગ નહીં.
મીઠાં (વી)સારાં મધુર.
ઉપજે=થાય, પેદાથાય.
હરખ(ના)ખુશીસંતોષ.
કોટે(ના) ડોકે. ગળે.
ધારે (ક્રી) માને.
હેત(ના) પ્યાર, ચાહ.
કોય(વી)કોઇ ગમતે એક
કાગ (ના) કાગડો.

(કવિતાની સમજુતી.) (૬)

પોપટ પાંજરામા બેઠા બેઠા મધુર શબ્દ બોલે છે; તે જેઓ સાંભળે છે તે સઘળાંના મનમાં ઘણીજ ખુશી પેદા થાયછે (૧). એની ડોકે કાળો કાંઠલો છે, ને નમેલુ રાતું નાક છે; તેમ શરીરે બધો લીલા રંગનોછે, ને ધણીની ધાક માને છે.(૨) માણસને તે મીઠું મીઠું બોલે છે, તેથી તેનાપર હેત ઘણુંજ આવે છે; માટે ઘણા લોકો હેતથી પોપટ પાળેછે. પણ કાગડાને કાંઈ પાળતું નથી. ૩

પાઠ ૧૪ મો.

વચન(ના)શબ્દ, સુકન.
અસર=ફળ, પરીણામ.
માન(ના)આબરૂ,ઇજ્જત.
નવાઈ(ના) અચરતી.
આવકાર(ના)આદરમાન.
નીવડવું (ક્રી) નીકળવું ઉઠવું.
દંગાઈ (ના) લુચ્ચાઈ અંધાઈ.
વાઘરી=શીકારી,પારધી
વડવાડ (ના) લડાલડી.
લુચ્ચાઈ(ના) દંગાઈ, અંધાઈ.
માઠું(ના)ખરાબ નઠારૂં.
તપાસ (ના) તજવીજ તફ્તીસ.
સામત (ના) સંઘાત.
શીખામણ(ના) ફાયદાની વાત.
કદી(અ)કોઈવખતપણ.
ભુલવી (ના) વીસરવી.

પાઠ ૧૫ મો.

કણબી(ના)હીંદુની એક જાત,(ખેતીનો ધંધો કરનાર).
તન(ના)કાળજી, ચેટક,
ધ્યાન.
ધન(ના)દોલત, પૈસો.
અંતકાળ(ના) મરવાને વખત.
પુંજી(ના)દોલત, ગાંસડો દલ્લો.
લાચાર(ના)લોભ,ગળકો
ખેતી(ના) ખેતીવાડીનું-કામ.
દીકરા(ના)છોકરા
વીચાર્યું (ક્રી) ધાર્યું
ડોસો(ના)ઘરડા માણસ.
કુડે (અ) પછી પુઠે.
આખું(વી)બધું,તમામ.
વાવ્યા (ક્રી) રોપ્યા.
નીપજ(ના)પેદાશ, પાક આવક.
ઉપજ્યો(ક્રી) પેદા થયો નીપજ્યો.
ખરેખરૂં(વી)જોઈએતેવું, સાચું, બરોબર.

પાઠ ૧૬ મો.

કોણ(સં) કયે સખ્સ?
કીરપાળ(વી)મેહેરબાન દયાળુ.
સંઘવાને=વાસ લેવાને.
પેદા કરવું (ના) જન્મ આપવો,નીપજાવવું.
બનાવ્યું(ક્રી)નીપજાવ્યું કરયુ.
આળસાના(વી)મકડવાના
સઘળું(વી)બધું, તમામ
ઇશ્વરે (ના) પરમેશ્વરે.
કર્યાં(ક્રી)બનાવ્યાં, પેદા-કીધાં.
ભલાં(વી)સારાં, વાજબી રાહે ચાલે એવાં.
કોપશે(ક્રી) ગુસ્સે થશે.
જાળવે(ક્રી)સાચવે, તપાસી રાખે.
રખવાળી(ના)બરદાસ, બાલાસ. તપાસ.

પાઠ ૧૭ મો.

ગામ(ના)જાંહાંકે થોડાક ઘરની વસ્તી હોયતે.
શેહેર (ના)જાંહાંકે મોટાં મોટાં છોબંધને હારબંધ ઘરો હોય તથા મારાં સારાં મોટાં ચોટાં હોય તે.
છોબંધ(વી)છોથીબાંધેલાં, છોનાં.
કોટ(ના) શેહેરને ફરતી આસપાસ બાંધેલી મોટી છોની દીવાલ.
જથો (ના) ટોળું ઝોકડો
અડચણ (ના) હરકત.
હારબંધ(વી)એક પછી

એક સાથે આવેલા.
સેહેજ(અ)થોડી મેહેનતે
જનાવર=જાનવર. પશું.
દરવાજા=મોટાં બારણાં
જરવરે (અ) કોઈ વખ-
ત, કદાચ.
બીક(ના)ધાસ્તી, ધાક.
પાસેપાસે(વી) સોડેસોડ
અડોઅડ નજીક.
ફળીઉ(ના) શેરી મોહોલ્લો.
ગામડું(ના)ન્હાંહાકે ઝુપ-
ડાં જેવાં થોડાએક
ઘરની વસ્તી હોય તે.
કસબો(ના)પ્રગણાનું મો-
ટું ગામ.
ચોટાં(ના)મોટાં બજાર.
હાટ(ના)બજાર, દુકાન.
પેસવાના (વી) જવાના,
આવવાના.
ઝાંપે(ના) લાકડાં સાથે
કાંટાં, કરાંઠી વગેરેઆં-
ધી બાંધને બનાવેલું
બારણું.
પેસનીકળ(વી)આવજા

પાઠ ૧૮ મો.

ઇંદ્રીઓ (ના) શરીરના
ભાગ,(આંખ, નાક,
જીભ કાન ચામડી.)
આકાર(ના)ડોળ, ચેહેરો
ધબાકો(ના) અવાજ.
માલમપડવું(ક્રી)જણાવું
વાસ(ના)સોડમ સુગંધ
મીઠા(વી)ગળ્યો, મીઠાસ
વાળા.
ચોખ્ખી(વી)સાફ.
સ્વાદ(ના)ચાખવું તે, જી
રામાંમાં નાખી તપા-
સવું.
મઝાની(વી)સારી, તોફા.
નાંખી(ક્રુ)ફેંકી નાખી.
સમજો(ક્રી)ધ્યાનમાલેવો
ટાઢું (વી) ઠંડું.
ઉનું (વી) ગરમ.

પાઠ ૧૯ મો.

આંગણું (ના) બારણું,
બારણા આગળની
જગો.
ચોખ્ખું(વી)સાફ, સ્વચ્છ.
કોહોવાણ(ના)કોહોવાડા
રળીઆમણું(વી)શોભા
વંતુ, સારૂં.
ગંદવાડ(ના) ગોબરવાડો.
જીવજંતુ (ના) જીવડાં
મગતરાં.
એઠવાડ(ના)એઠાં વા-
સણ જેમાં રાંધ્યું
ખાધું હોય તે.
ગંદા (વી) ગોબરા.
ગંધ (ના) ખરાબવાસ,
નઠારીગંધ, બદબો.
ભાજીપાલો (ના) ભાજી
પાંતરાં વગેરે.
માંદાં(વી)અજારી. બી-
માર, કાહેલી.
લાજ(ના)શરમ) એબ.
તાવ(ના)તપત, બોખાર
નીપજે=પાકે. પેદાથાય.
ગંધવેરો=દુર્ગંધનોઢગલો
સાફ=ચોખ્ખુ, સ્વચ્છ.
વેગળો (વી) આઘે દુર.
ખાપરા(વી)ખાચારા.
ચોખાઈ(ના)સુઘડાઈ.
ગુણ=ફાયદો, બાશીયત
છોડ(ના) છોડવો, રોપો.
છુટ જગ્યા, મોકળાસ.

પાઠ ૨૦ મો.

ચીર (ના) કપડાં કીમ-
તી લુગડાં.
બાપ(ના)આરશી.
મધપુડો(ના)મધમાખ-
નો પુડો.
વાન(ના) દેદાર, કદ.
રચે(ક્રી) બનાવે, ગોઠવે.
સજ્જન=સારા માણસ
માપ(ના)બારતૂપર માણું.
આંક=મોટી આંકડા.
શરીર(ના) દીલ. અંગ.

રૂડો(વી)સારો, મઝાનો | દેખીએ(ક્રી)જોઇએ | શુદ્ધ=બરાબરખરેખરો
ચીત (ના) મન, ધ્યાન.

(કવિતાની સમજુતી.) (૫)

આપણે બધી જણસો ચોખી રાખવી, ને લુગડાં પણ ચોખાં (ધોએલાં) પેહેરવાં, વળી ઘરને ચોક પણ ચોખાં રાખવાં, કે જેથી આપાણું શરીર સદા સુખી રહે. (૧) જુઓ કે મધમાખી મધપુડો બરાબર માપ રાખી બનાવેછે, તેમાં કાંઈ ડાઘા કે ખોડ ખાપણ કશું આપણ દેખતાં નથી, તે આરસી જેવો સાફ જણાયછે, (૨). ચોખા રેહેવાથી આપણુ મન ખુશ રહેછે, ને તેથી શરીરનો દેદાર વધેછે, વળી ચાર સારા આબરૂદાર માણસ બેઠેલા હોય તેમાં ચોખાઇએ કરી (ધોએલાં સાફ લુગડાં પેહેરેલાં હોયતો તેથી) હરકોઈ માણસને ઘણી આબરૂ મળેછે. (૩).

પાઠ ૨૧ મો.	ભેગો(અ)સાથે, એકઠો.	મુસાફર, પંથી.
સુંવાળી=પોચી, નરમ.	ચરેછે(ક્રી) ઘાસખાયછે	સંગીન (વી)નક્કર મજ-
નાળ(ના)લોઢાના બેખ-	વાળ(ના)બાલ, નીમાળા	બુત.
મારીને પગે જડવા-	છેડે (ના) નાકે.	કચુકા ઠળી આકળીયા
ના ગોસ પાટા.	ગાડું (ના) કાસ.	ચીકણું (વી) ચીકવાળુ-
નક્કર (વી) સંગીન.	બોજા (ના) ભાર.	ચોટે એવું, જબરૂ.
ખરાડેછે (ક્રી)આરડેછે.	વેહેછે—ખમેછે ઉચકેછે	ચીચોડા (ના) ઠળીઆ
મજલ(ના) ખેપ, ટપ્પો.	ચાકરી(ના)મરદાસ, બા	ચોખંડા(વી)ચોડા. ચા-
નીરદય (વી ઘાતકી.	લાસ, સેવા.	રે બાજુએસરખાં.
ફલંગો (ના) કુદકો.	માયા=હેતચાહેનાપ્યાર	ફાડ (ના) ટીપું.
ભાંખરેછે(ક્રી)હણહણે-	ચાહે (ક) પ્યાર રાખે	ખાટો (વી) ખટુંમડો.
છે, ખણખણેછે.	**પાઠ ૨૨ મો.**	ખટાસ(ના)ખાટોસ્વાદ-
સીમ(ના) ખેતર, ખેત-	કાતરા (ના) બેડકા.	ખાટા સ્વાદની ચીજ
રેની હદ.)	વટેમાર્ગુ(ના) રસ્તે જતો	ચોમાસુ(ના) વરસાદની

મોસમ.
આવેછે (ક્રી) આવેછે.
બારેમાસ (ના) આખું. વરસ.
અ[illegible](ના)જરૂર, અગત્ય
રોજ (અ) નીત્ય, સદા.

પાઠ ૨૩ મો.

અક્કલ (ના)બુદ્ધી,સમજ.
ઘણેરી (વિ) ઘણી.
નેક (ના) ટેક, મોટાઇ.
માહાલે (ક્રી) મોજકરે,
વીશ્વ(ના)જગત, પ્રથ્વી.
તસુ (ના) બે આંગળ.
માતા (ના) મા, માજી.
વીખ્યાત(વી) નામીચુ.
નવ (અ) નહી, ના.
તાત(ના)બાપ, પીતા.
મોજ=મઝા, ચેનબાજી.
શાણા=ડાહ્યા, સમજુ.
દીકરી (ના) છોકરી.
નીત્ય (અ) રોજ, સદા.
પર=પારકુ.
ઠામ (નામ)ઠેકાણુંજગો.
કેરો(અ) નો, તણો.
સામળ (ના) એક મોટો કવી થઈ ગયો

(કવિતાની સમજુતી.) (૬.)

માને છોકરો (આમલીનું ઝાડ ને તેનું ફળ આમલી)નું એક નામ બુદ્ધીથી જાણ્યું. તેનું તો ઘેરે ઘેર ને વળી રોજે રોજ સારા વીવેકથી કામ પડેછે; તેમાં માતો એકની એકજ જગોએ રહે છે એક તસુ પણ ચાલતી નથી, પણ તેની છોકરી તો બધે દેશ દેશ ભલી રીતે મોજ કર્યા કરેછે; વળી જુઓ કે તે છોકરીનો છોકરો (ચીઓડો) તે માનો બાપ થાયછે, ત્યારે સામળદાસ કવી કહેછે કે તમે ચતુર નર સમજી લેજો એતો બધી પ્રથ્વી વીષે પ્રખ્યાત છે. (એટલે આમલીના ઝાડની છોકરી આમલી, ને તેનો છોકરો ચીચોડો રોપ્યાથી પાછું આમલીનું ઝાડ થાયછે, ત્યારે એ પ્રમાણે ચીચોડાથી આમલીનું ઝાડ નીપજ્યું, તો તે ઝાડનો બાપ કહેવાય.)

પાઠ ૨૪ મો.

આટલું (ના) આરસી.
રતાંધળો(વિ)રાતે આંધળો.(દીવસે દેખાય ને રાતે જેનેનહી દેખાય તે.)
પોપચુ(ના)આંખનું ઢાકણ.
ભમ્મર (ના)ભવાં,આંખના પોપચાંઉપર-કમાનના જેવાબાલ-છે તે.
બાળવું(ક્રી)અટકાવવું.
રજ (ના) ધુળ,રજકણ.
છાજલી(ના)[illegible],છાબડી.
સારેછે (ક્રી) કરેછે.
પાંપણ (ના) આંખના

પોપટ્યાસાથેવળગેલા
બાલ.
જણસો=ચીજો, વસ્તુ.
ખરેખરો(વિ) બરોબર.
જતન(ના)બરદાસ,સા-
ચવણી.
ઝીણી (વી) બારીક.
કાણો (વી)એક આંખે
આંધળો.
દયા (ના) રેહેમ,મીઠી
નજર.
સાજી (વી) સારી.
પરમેશ્વર=મોટો ઇશ્વર.
પાડ=ઉપકાર,આભાર.

પાઠ ૨૫ મો.

કપાસ=રૂનાં નાનાંઝાડ.
કહેવત=કેહેણી,કહાણી.
ઘાટ(ના)ડોળ, આકાર.
બળતણ(ના)બાળવાની
લાકડાં, સરપણ.
ભાખરી (ના) ઘઉંનાલો
ટની જાડી રોટલી.
કાંતવું (ક્રી)તાંણાતાંત
ણા કરવા.
લટકતાં (કૃ) ટીંગાતાં.
કુંભાર (ના) મટોડીના
વાસણ બનાવનાર.
વણવું=લુગડું બનાવવું.
ધાન્ય=અનાજ,દાણા.
કાજે (અ)વાસ્તે, માટે.
તૈયાર (અ)હાજર,તરત
કામમાં આવેએવું.
કશું=કાંઇપણ, જરાએ.

પાઠ ૨૬ મો.

ધરતી(ના)જમીન,ભુમી
થોકે (ના) જથ્થો.
ઓઢવા (કૃ) શરીરઢાંક-
વા.
ખાંતે (ના) ખુશીથી.
શીરીતે=કેમ, કઇ પ્રકા-
રે.

કવિતાની સમજુતી. (૭.)

ખાવા અને પેહેરવા ઓઢવાને પરમેશ્વરે આપણને શરીર આપેલું છે, હવે તે વડે જો મેહેનત કરીએ, તો તેમાંથી રાતા પીળા રંગ (જે જોઇએ તે) મળે (૧) જમીનમાંથી અનાજતો બધું જથા બંધ થાયછે, પણ જો તે જમીનને ખુશીથી ખેડે નહીં તો ખાવાનું શું થાય (અનાજ કેમ પાકે ?) (૨) પણ તેમ કરવાને આપણને ઇશ્વરે તેના ઇલાજો આપેલા છે પણ કોહો વાસણ અને બાળવાનાં લાકડાં વીના રંધાય તે શી રીતે ? (૩).

પાઠ ૨૭ મો.

હાલ (અ) હમણાં,
વખત (ના)વેળા,સમય
પરઘેર (ના) પારકેઘેર.
શણગાર (ના) શરીરને
શોભે એવાં,લુગડાં.
ઘરેણાં, ભુષણ.
સરસ (વી)સારા,મજા-
ના.
કાં (અ) કેમકેણ.
અર્થ(ના)સ્વાર્થ, મતલ-
બ.
ચાકરી (ના)નોકરી.
પેર (ના) રીત, પેઠે.

(કવિતાની સમજુતી.) (૮.)

માટે હે ભાઈ તે (બળતણ ને વાસણ) તું તૈયાર બનાવ કે કાંતો તને બીજો કોઈ કરી આપે, કે ત્યારે તારા સ્વાર્થનું (પોષણને વાસ્તે) તે વખતે થાય. (૧). ઝાડ ઉપર લુગડાં લટકતાં કાંઈ તૈયાર નથી, પણ જો કપાસ વાવી તેપરથી રૂ ઉતારીને તેને કાંતીને વણે તો મઝાનો પેહેરવાનો પોશાક બને. (૨). માટે ગમ તે રીતે ઘેર કે પારકે ઘેર (દેશ કે દેશાંતર) મેહેનત જો કરે, તો ચાકરી કરતાં ભાખરી સારી રીતે પામે (મેહેનતનો બદલો પરમેશ્વર તને આપે) (૩).

પાઠ ૨૮ મો.

દાન(ના) ધર્મ,ખેરાત.
આપદા(ના)ફીકરચીંતાં
આંતરડી(ના) આત્મા, જીવ.
પરોપકાર (ના) પર કલ્યાણ, પારકાપર ઉપકાર.
પુણ્ય (ના) ધર્મ દાનનું આશીષ.
આશીષ(ના) આશીરવાદ સારી દુવા.
વાપરવુ (ક્રી) વાપરવું, ખરચવું.
સુમ (વી) બખીલ, કંજુસ, કસરીઓ, મખીચુસ.
કૃપણ (વી) કંજુસ.
સુપરી (કૃ) એકઠુ કરી.
મૂદલે(અ)જરાએ. લગરીકે પણ.
નારાજી (વી) નાખુશ, દલગીર.
જાગા(ના)ગુંજાસ,શક્તિ
લેખે (ના) ઠેકાણે, સારે મારગે.
ગરીબગરબાં(વી)ગરીબ લોકો, લાચારે, અનાથો.
દુનીઆ (ના) સંસાર આલમ, પૃથ્વી.
જશ(ના)માન, આબરૂ.
વાવેલું (વી) રોપેલું.
ફોકટ (અ) નકામું.
નકામું (વી) કામ વગરનું ફોકટ.
કંગાળ (વી) ગરીબ, અનાથ નાચાર.
મજુરી (ના) વેતરૂં, વેઠ.

પાઠ ૨૯ મો.

સાચ (ના) સાચવટ, સાચી વાત.
દેશાઈ (ના)જાગીરદાર, વાતનવાળો માણસ.
ઉઠ્યાં (ક્રી) નીકળ્યાં.
દાખલ (ના) ઉદાહરણ દ્રષ્ટાંત.
ચાપૂ (ના) ચાકુ છરી.
ગમ્યો (ક્રી) પસંદપડ્યો.
રૂપીઆ (ના)સોળઆનાની કીમતનો રાણીની છાપનો શીક્કો.
છૈયાં (ના)છોકરાંબચ્ચાં
લેખણ (ના) કલમ.
વખાણ્યો(ક્રી) પસંદકર્યો.
ગમ્યો (ક્રી)પસંદ પડ્યો.

વેહેલો (અ) જલદી.
કાપ (ના) ચીરો.

પાઠ ૩૦ મો.

સાચાબોલું(વી)ખરાબોલું, સતવાદી, સાચો.
ધીરજ(ના)સબુરીશાંતી
ગભરાવું(ક્રી) અકળાવું, બીવું, ગાભરા થવું.
ફાડી (ક્રી) ચીરી.
ખીજ્યા (ક્રી) ચીડ્યા. ખીજવાયા.
છાતી (ના) હૈયુ મન.
ચાંપીને (કૃ) દાબીને.
વાહાલું (વી)પ્યારૂં; હેતવાળું.
વાંક(ના) તકસીર ગુનો.
અજાણતાં=ઓચીંતાં.
ઝટ(અ) જલદી, તુરત.

પાઠ ૩૧ મો.

સંકટ(ના)દુઃખ આફત.
ક્રોડ (વી) હજારો.(સોલાખ.)
પરલોક (ના)પારકાલોક, દેવ લોક.
હોડી (ના) સડવાળો મોટો મછવો, નાનું વાહણ.
સિંધુ(ના)દરીઓસમુદ્ર.
રાજ (ના) અમલ હાકમી ગાદી.
શુભ(વી)સારૂ,મંગળીક.
સહીએ (ક્રી) ખમીએ, સહન કરીએ, વેઠીએ.
દીનરાત (ના) રાતને દહાડો.
સદા(અ) રોજ; નીત્ય.
સરે (ક્રી) થાય, બને.
ઉપાય (વી)ઈલાજ.
નક્કી(અ)ખચીતનીશ્ચે.

(કવિતાની સમજુતી.) (૯.)

આપણાપર જે દુઃખ આવી પડે, તે સહન કરીને બરાબર સાચી વાત કેહેવી ને બીજા લોકમાં સુખ લઈએ (સાચુ બોલેથી સુખ મળે) અને તેથી રાતને દહાડો સુખી રહીએ (૧) સાચુ બોલવું એ સદા સારૂંછે, જુઠું બોલવાથી ઘણું દુઃખ આવી પડેછે; માટે તમે હજારો ઉપાય કરી જુઓ. પણ સુખ તો સાચાથીજ થાયછે.(૨) સાચુ બોલવાથી સદા આપણું કામ થાય, પણ જુઠું બોલવાથી કદી થાય નહીં; કેમકે જુઓ કે કાગળની હોડી બનાવીને તે દરીઆમાં મુકો તેથી દરોઓ તરાતો નથી તેમ જુઠુ બોલવાથી આપણું કામ કદી થતું નથી. (૩)

પાઠ ૩૨ મો.

ઘેટાં (ના) મેઢાં.
કામળો (ના) સુમાળો.
ભરવાડ=ઘેટાંચરાવનાર
શેનો (વી) કઈચીજનો.
દીઠાં (કૃ) જોયાં.
નીમાળા=બાલ, વાળ.
ઉન(ના) ઘેટાંના બાલ.
કામળીઓ (ના) નાના સુમાળા.
ટાઢ (ના) ઠંડ, હીમ.
બીચારાં(વી)બાપડાંમ.

ટીબડાં.
ઉનાળો=તાપનીમોસમ.
એશીવાય(અ) એવગેરે
એથી બીજા.

પાઠ ૩૩ મો.

ઝરવું (ક્રી)વેહેવુંટપકવું.
લીંબોળીઓ (ના) લી-
મડાનાં ફળ.
રોગ(ના) મરજ,વ્યાધી.
પોપટીઆ (વી) લીલા
પોપટ જેવા રંગના.
પેટી (ના)નાનો પટારો.
રાયણ(ના) લીંબોળીના
જેવો લીલો મેવો.
ગળી (વી) મીઠી.
વીખ(ના)ઝેર, સોમલ.
ઓસડ (ના) દવા.
ઠેકાણે (અ) જગોએ.

પાઠ ૩૪ મો.

ધાન્ય (ના) અનાજ.
ડુંડું (ના) કણસલું.
ઊંબી (ના) ઘઊંની કંઠી.
પૈસાદાર(વી) તાલેવંત.
માતબર, ધનવાન.
કડબ (ના) જારે બાજ-
રીના લાંબા સાંઠા.
કણસલું (ના) ડુંડું.
પુળા(ના)કડબનાભારા.
બાજરીઊં (ના) બાજ-
રીનું કણસલું.
વવાય (ક્રી) રોપાય.
જાર (ના) જુવાર.
શીઆળો=ટાઢનીમોસમ
સાંઠા (ના) અનાજના
ઉભા સોટા.
ઢોર=ચોપગાં જાનવર.
મસળેછે (ક્રી) ચોળેછે.
દળીને (ક્રૃ) લોટ કરીને.
લોટ (ના) આટો.

પાઠ ૩૫ મો.

તલસરા=તલની શીંગ.
શેરડી (ના) ગળ્યા ર-
સનો સાંઠો.
શીંગ (ના) ફળી.
જવ (ના) એક જાતનું
ધાન્ય.
કઠોળ(ના) મગ, ચણા,
વાલવાટાણાવગેરેધાન્ય
ડાંગર (ના) ભાત.
પોપટા (ના)ચણાફળી.
સર્વે (વી) સઘળા,બધા

(કવિતાની સમજુતી). (૧૦).

બાજરીનાં ડુંડામાં બાજરી ને કણસલામાં જુવાર જોઈએ. (થાયછે), તેમ ક્યારડામાં ઘઊં, ડાંગર, ને જવ એ ત્રણે થાયછે.(૧) તલછે તે તલના જીડવામાં થાયછે, ને કઠોળ એટલે વાલ, વટાણા મગ, વગેરે શીંગોમાંથી થાયછે, તેમ ચણા ચણાફળીમાં થાયછે, ને શેરડોમાંથી સાકર અને ગોળ થાયછે. (૨). ચોમાસાના ચાર મહી-ના એટલે (અષાડ શ્રાવણ, ભાદરવો ને આસો) એમાં જુવાર, બા-જરી તૈયાર થાયછે. ને શીઆળામાં (કારતગ, માગશર, પોસ ને મોહા) એ ચાર મહીનામાં ઘઊં ને ચણા થાયછે. (૩).

પાઠ ૩૬ મો.

ધરતી=જમીન ભુમી.
કીલ્લા (ના) ઊંચા ગઢ બુરજ.
નાળાં (ના)વહેતો ઝરો, નાની નીક નદી.
મરડીયા (ના) છો પકવવાના, ધોળા.
પાહાડ(ના) મોટાં ઊંચા સાથે જોડાઇને લાંબા ગએલા ડુંગરો.
લુગડાં (ના) કપડાં.
તરસ (ના) સોસ.
મટાડેછે (ક્રી) દુર કરેછે હોલવેછે.
ખેતર(ના)અનાજ તથા ઘાસ પાકેછે તે જગો.
કાંઠે (ના) કીનારે.
એકાએક(અ) એકદમ. ઉતાવળે.

પાઠ ૩૭ મો.

રાન (ના) વન, જંગલ.
માણેક(ના) કીમતી જવાહીર.
અનેક(વી)ઘણાં, બહુ.
જામફલ(ના) જમરૂખ.
પદાર્થ(ના) ચીજ વસ્તુ.
જાંબુ(ના) એક જાતનું ઠળીઆવાળું ફળ.
હીરા(ના) ખાણમાંથી નીકળતો એકજાતનો કીમતી પદાર્થ.
વન (ના) રાન જંગલ.
સરેખી=સપાટ,પાધરી.
ધાતુ (ના) સોનું રૂપું, ત્રાંબું, કલાઈ વગેરે.
તપેલી (ના) તાપેલી.
લોટા (ના) કળશીઆ.
લોટીઓ(ના)કસલીઓ.
પાળીઓ(ના)ચપ્પુઓ છરીઓ.
જાત (ના) તરેહ રીત.

પાઠ ૩૮ મો.

સેવા=ચાકરી, બરદાસ.
જંપવું (ક્રી) સુખે બેસવું, ઠરવું.
દાઝ (ના) દયા, રેહેમ.
જન્મ (ના) જીંદગાની, અવતાર.
ઉછેરતાં(કૃ)મોટો કરતાં.
પજવતાં (ક્રી)દુખ દેતાં.
સંસાર=દુનીઆં,પૃથ્વી.
હેતવહાલ (ના) પ્યાર.
સુખીઉં(વી) સુખીઆરૂં, સુખી.
વેદના(ના)દુઃખ પીડા.
ચડાવવું=કબુલરાખવું.

પાઠ ૩૯ મો.

ગુણ=ઉપકાર,આભાર.
અવસર (ના) વખત.
ટગમગ (અ) ડગમગ, હાલ્યા વીના.
અમાપ(વી)ઘણો, જેનો માપ નહી.
ઘડી (ના) ૨૪ મીનીટ, ૬૦ પલ.
બરદાસ (ના) સંભાળ.
ઉમ્મર(ના)વય,જીંદગી.
દાસ (ના) ચાકરસેવક.
ટકતો(ક્રી) થોભતો ઠરતો.
ખાજ (ના) ખાવાનું.
લેશ(વી)જરા,જરાપણ.
વેઠીને (કૃ) ખમીને.
ઉપકાર=ગુણ,આભાર.
સમે (ના)વખતે વેળા.

(કવિતાની સમજુતી). (૧૧).

જ્યારે બચ્ચું નાનું હતું તે વખતે તેનો પગ ધ્રુજતો રેહેતો નહીં. અને ખાવાનું પણ બરાબર ખવાતું નહી. તેમ પોતાની

એણે ઉઠી શકાતું પણ નહી, અને મનમાં જરાએ લાજ શરમ હતી નહી. (૧) એવા વખતે બચ્ચાંપર માબાપે દયા આણી, ને દુઃખ પોતે વેઠીને તેને સુખ આપ્યું, એ આભાર બચ્ચાં ઉપર માબાપનો મોટોછે. (૨) કોઈ માણસ એવે વખતે જો રોજ બેએ ઘડી ચાકરી કરે તો ચાકરી કરાવનાર આખી જીંદગી સુધી તેનો દાસ થઈને રહે. ૩

પાઠ ૪૦ મો.

બાવળ (ના) બાવળનું-લાકડું, બાવળનાલાકડાનું ઝાડ. [લી.

શૂળ(ના)કાંટાવાળીડાખ

પુઠીઆં(ના)પૈડાનેફરતું લાકડાનું ગોળચક્કર

ફુમતું(ના)રેશમનું ફુલ.

તુરાસ (ના) ફીકાશ.

કુંડ (ના) છોથીબાંધેલો ગોળ ઝરો.

નાઈડી(ના)નાઈ, પૈડાનીવચમાંનું લાકડાનું ગોળ ડુંબરૂ.

પરડા=બાવળની શીંગ.

ઉતરડવું (ક્રી) શોરવુંઉતારવું.

આરા(ના)પૈડાની વચમાંનાફરતાલાકડાના ગોળ ફકડા.

ઓળાં (વી)ગદગદાં પચપચાં સુવાળાં.

અથાણું (ના) આથણું

પુરો (વી) બરાબર.

મજબુત (વી) ચીકણું, જબરૂં.

ઝરેછે (ક્રે) વેહેછે,ટપકે.

ચીકાશ (ના) ચીકણું.

પાઠ ૪૧ મો.

શેખશલી=ખોટાખોટા બંગ ઉડાવનાર, ચળેલો માણસ.

તુરંગ (ના) ખોટાખોટા વીચાર, બંગ.

બોહોળા=ઘણા, મસ.

ધુણાવવું (ક્રે) હલાવવું

મલીક (ના)ધણી શેઠ.

ગાડવો=માટીનો મોટો ઘડો-વાસણ.

વેપાર (ના) રોજગાર.

મજુર=વૈતરો, હેલકરી.

ઉડાવ (ક્રે) આવવા.

કુકડી (ના) મરઘી.

સારીપેઠે=બહુ,ઘણાજ.

એકઠા (વી) ભેગા.

ઉપજશે (ક્રી) પેદાથશે

કમાઈશ (ક્રી) રળીશ.

પરણીશ=લગનકરીશ.

ફુટી (ક્રે) ભાગી.

પાઠ ૪૨ મો.

ચણતર=ચણી લેવાનું કામ.

માળીલેવું(ક્રે) નળીઆં ચઢાવવાં

ઓશરી (ના) ઓટલી, પગથીઓ.

સાટું=બંદોબસ્ત, કશર.

હાટડાં (ના) તાકાં.

ભાંયરૂં=ઘરનાભીંયતળીઆનીચેનીઆગળની ઓરડી.

છોવરાવવું=છો દેવડાવવી.

મોભ=ઘરનામાળનોવચલો આડો થાંભલો.

વળીઓ(ના)સાકટીઓ

કાથી=નાળીએરની છાલની વણેલી દોરી.

પાયો (ના) મુળઠેકાણ.

કરા=દીવાલ, ભીંત.
પછીત (ના) પછવાડેની ભીંત.
પાણીઆરાં(ના)પાણીનાં બેડાં મુકવાની ઓટલી.
જાળીઓ(ના) લોઢાના સળીઆ જડેલી બારીઓ.
ભો=બીક, ડર, ધાસ્તી.
પરશાળ=પેહેલાખંડનામોંય તળીઆનીજગો.
ઝટપટ=જલદી, તાકીદે.
રળીયામણું=શોભીતું.

પાઠ ૪૩ મો.

બીરાજવું=દીપવું, શોભા આપવી.
પાટડા=ભારવટીઆ.
મજાગરા(ના)ચણીઆ રાંનરમાદાનાચાપડા
સાગ=સાગનું લાકડું.
છજ્જુ (ના) છાજ.
છોલાણું (ના)છોદેવડાવવાનું કામ.
ચોરસાં (ના)ચોડાપથ્થ, ચોડીંઇટ.
લુહાર (ના) લોઢાનાઘાટ બનાવનાર.
છુટ (ના) મોકળાસ,જગો.
મેડો (ના) માળ.
મણા=કસર, ખામી.
છીંડી=ખડકી, વાડો.
દાદરો(ના)લાકડાનાપાટીઆની નીસરણી
નીસરણી(ના)વાંસ કેવળીની દાદરસીડી.
ખુટીઓ(ના)ખીટીઓ
તાકા(ના) મોટાગોખલા

પાઠ ૪૪ મો.

છાજવું=દીપવું,શોભવું.
મેના=મધુરરાગનું પક્ષી
ગાલીચા=જાજમ, (મોંઘું કીમતી બીછાનું,)
ચુનાળા (વી) ચુનાનાચુનો ફેરવેલા.
કઠેરા (ના)લાકડાપાટીઆ તથા લોઢાનીજાળી જડેલો જરૂખો-રવેશ.
ભુપતા (ના)રાજાપૃથ્વીપતી.
નીર (ના) પાણી તેજ.
હીકકો (ના) હીંઢોળોઝોલો.
ચીત્ર=તસવીર, છબી.
સુડાં (ના)પોપટના જેવાલીલા પીછાનાપક્ષી.
ખાટ (ના) ખાટલો.
ખુબ (અ)ઘણુંજ, મસ
રૂડાં=સારાં શોભાવંતાં.

કવિતાની સમજુતી.

છજાં, જાળીઆં, માળીઆં ઘણાં સારાં બીરાજેછે, ને બારીએ નાનાં બારણાં પણ સારાં દેખાયછે, પાણીનાં બેડાં મુકવાની ઓટલી ને રાંધવાની જગો પણ શોભીતી બનાવીછે, ને તે ઇંટથી ચણી બઇને તેપર ચુનો ફેરવેલો દેખાયછે. (૧) ટાંકામાં જે પાણી ભરેછે તે કદી ખુટતાં નથી. તેમાંથી લોકો વાંકા વળીને પાણી ખેંચી કાઢે

છે; શુડાતે મેનાના જેવામાક મધુર શબ્દ બોલેછે, જેનાં પાંજરાં પી·
ળળથી જડીલઇને રંગેલાંછે. (૨) બેસવાની જગો, કઠેરા, ને આસા·
સી સારી બનેલીછે, ને સુવાને વાસ્તે ઢોલીઓ તથા મઝાની હીંડો·
ળાખાટછે, તેમ ગલીચા મનને ગમેતેવી રીતે પાથરીને દીવાલના
ઉપર રાજાઓની મોટી છબીઓ પાડીછે.

પાઠ ૪૫ મો.

સજડ (વી) મજબુત.
હણહણવું(કૃ)સણસણ-
વું, ખોંખારવું.
નસકોરાં=નાકઆગળ-
દમલેવાનાં બેકાણાં
દાઢ (ના) મોંમાં બેવડા
દાંતઆગળની જગો.
ડાચુ (ના) જડબુ.
વાચા(ના)ભાન, બોલ-
વાની સમજ.
નરેસી=ખરાબ, નઠારી.
પોચો=નરમ, સુવાળો.
કાણાં (ના)વેહે, છીદ્રો
જાળવે=સાચવે,તપાસે
ટેકો(ના)આધારે, મદદ.
ઝીણાં (વી) બારીક.
કકડા (ના)ટુકડા, કકડા,
જુકો=ચુગદો,કકડેકકડા.
સાદ(ના)અવાજ સોર.
બરાડેછે=આરડેછે પો-
કારે છે.

પાઠ ૪૬ મો.

ખીજવું (ક્રી) ચીડવું.
છેલાઈ (ના) છાકટાઈ,
વરણાગી, તોર.
પગરખી(ના)જોડીખા·
સડી.
અડફટ (ના) આંટી.
પછડાઇને=અફળાઇને.
અટવાઇને (કૃ) આંટી
આવીને.
ખોટું (વી)ખરાબ, ન-
ઠારૂં.
અમથી(અ)ખાલી, વ-
ગર ખપની.
સ્વભાવ (ના) મીજાજ.
રીસાળ (વી) તામસી.
પગથીઉં (ના)ઓટલી.
ફેંકી(ક્રી)નાંખી, લાખી.
વાંસે=પછાડી, પાછળ.
ખાબોચીઉં(ના) નાનો
ખાડો.
બગડ્યાં=ખરાબ થયાં.
ખબર (ના) સમાચાર.
હાલ(અ)હવાલ, દશા.

પાઠ ૪૭ મો.

અદેખાં(વી)કીનાખોર,
ઝેરી.
અવતરવું(ક્રી) પેદાથવું.
કુરકુરીઆં(ના) બોકી·
લાંભોટીલાં, કુતરીનાં
બચ્ચાં.
ખારીલાં(વી તીખારવ·
ભાવનાં.
ગેલ (ના) લાડ.
ભોટીલાં(ના)બોકીલાંકુ·
તરીનાં બચ્ચાં.
આડો(વી)વાંકો, ઊંધો,
કહ્યું માને નહી તે.
અજાણ્યા (વી) પારકાં.
ઘુરકવા(કૃ)દાંતીઆંકર·
વા, ચીડવા.
લાગ (ના) દાવ, તકવું
બચકુ(ના)ડાકું,કરડવુંતે
સઘળા (વી) બધા.
જંપે(ક્રી)સુખે બેસે, ટુરે.
ઉધડેછે(ક્રી)ખુલ્લીથાયછે

પાઠ ૪૮ મો.

ખીલવું(ક્રૃ)પાંખડી છુ-
ટી પડવી.
અંગ (ના) શરીર, શરી
રનો ભાગ.
મુળીઓ(ના) મુળ,જડ.
વાટે=બાકુ,કાણું. છીદ્ર
ચુસે(ક્રી)સોસે,રસ ગળે
નરી (વી) એખલી.
પાંદડાં (ના) પાંતરાં.
કળી(ના)ખીલ્યા વગર-
નું ફુલ.
બતાવું (ક્ર) દેખાડું.
વાવીએ (ક્રી) રોપીએ.

પાઠ ૪૯ મો.

લાગલાગટ (અ) રોજ,
રોજ,પાંચ સાત દી-
વસ સામટા.
ખસખસ=અફીણના
ફણગો(ના)સણગો(ભી,
ઠળીઓ(ના) કળીઓ.
સોંચીએ (ક્રી) રેડીએ.
સમજાશે(ક્રી) ધ્યાનમાં
ઉતરશે, ઠસશે.

પાઠ ૫૦ મો.

વેહેળો(ના)નાની નદી;
નાળુ ઝરો.
તેડે=તીરે, કીનારે કાંઠે.
ઉપકાર(ના)પાડ આભાર
ચટકો (ના) ડંખ.
બદલો(ના)અવેજ પાંડ.
આબરૂ(ના) માન, ઈ-
જત.
ઝાંપ(ના) જાળ, ફાંદો.
તણાતી (ક્રૃ) ખેચાતી.
દયા (ના) રેહેમ, મેહેર.
વળગીને (ક્રૃ) ભાઝીને.
દીવસ(ના)દહાડો.દીન.
ઝટ(અ)જલદી, તુરત.
ચુકવું(ક્રી) ભુલવું વી-
સરવું.
પરમેશ્વર(ના)મોટો ઈશ્વર

પાઠ ૫૧ મો.

ડાંગર (ના) ભાત.
ક્યારડા(ના)પાણી ભર-
યલાના ખાડા,ક્યારા
પરાળ(ના)ભાતનુંઘાસ.
ફોલાં (ના) છોતરાં.
ચોખા(ના)ડાંગરમાંથી-
નીકળેલા દાણા.
તરૂ (ના) નાના નાના
કુમળા છોડ.
લીલાછમ(વી) ઘણાજ,
લીલા(કાચોકેરો જે.
વા.)
દાણા(ના)અનાજધાન્ય
ખંખેરી(ક્રૃ) ઝાપટી.
ઝાડકે(ક્રી) વાદઈ કસ-
તરે, કાઢાડે, ઉપાડે.
નીપજાવે (ક્રી) પકાવે.
ખેડુત(ના)ખેતીકરનારા.
કરનાર(વી) બનાવનાર.
ભારે(વી) મોટો. ઘણો.

પાઠ ૫૨ મો.

માંજરી(વી)ભુરા ડોળા-
વાળી.
ઘીઆળુ(વી)ઘીએ ચો-
પડેલું, ઘી ઘાલેલું.
તલપ (ના) ડાકુ.
તીણું (વી) અણીવાળું;
લુખું(વી) ઘી વગરનું.
ચોખી (વી) સમજણ-
વાળી, અક્કલવંત.
વેર(ના)દુસમનાઈખાર
હળવે(અ)ધીમે અસ્તે.
સુઝે(ક્રી)દેખાય,જણાય
તરત (અ) જલદી.
બીગાડ (ના)નુકશાન.

પાઠ ૫૩ મો.

બોકણ(વી)મોએ એ-
વો નરમ, પોચો.
અજાણ્યું(વી)પારકુપર-
દેશી.કોઈ દહાડો જો-
યલું નહી તે.
સોડ(ના)બાજુ, પાસે,
સામું (અ) તરફ.
બાઝી (ક્રૃ) વળગી.
ગભરાયો(ક્રી)અકળાયો

કાદવ (ના) કીચડ.
ઉઘાડ્યો (ક્રી) ઉભોકર્યો.

પાઠ ૫૪ મો.

દરીઆ=સાગર, સમુદ્ર.
અગરીઓ (વી) મીઠુંપકવનાર.
રાશ (ના) મીઠાના ઢગલા
ક્યારા (ના) નાનાખાડા.
અગર (ના) મીઠુંપાકે તે જગા.
ઉસરડવું (ક્રૃ) સાંભરીલેવું
કાંઠે (ના) કીનારે.
પાડ (ના) પથ્થર.
ઢગલા (ના) ગંજ. (માટી
મટોડા (ના) ચીકણી.

પાઠ ૫૫ મો.

પ્રમાણે (અ) રીતે.
ભણીગણી=લખીવાંચી
હોંશીઆરથઈ. (બે. જો
કોવળો (ના) વાંચમણનો
ઓહો (અરે! વાહ!)
શેરી (ના) ફળીઉ મોહોલો
નાકે (ના) છેડે, છેવટે.
મેડીઓ (ના) માળ.
ભાર (ના) બોજો.
એકીવાગે (અ) એકદમ.
મેલેલા (કૃ) મુકેલા.
સેહેલથી=થોડી મેહેનતે
ડાહ્યા=શાણા સમજુ.

પાઠ ૫૬ મો.

પંથ (ના) રસ્તો, ધર્મ.
ખર (ના) ગધેડો.
પાણ (ના) પથર.
એંધાણ (ના) નીશાની.
લહીઓ (વા) સારાઅક્ષરના લખનારો, ઓમીપો જાણતો.
ઘેંદાયછે (ક્રી) ઘસાયછે.
પંડીત=વીદ્વાન, જાહેર.
નીપજે (ક્રી) થાય, બને.
ગાઉ (ના) કોસ.
કપાય (ક્રી) મટે દુરથાય,
અભ્યાસ (ના) મહાવરો.
કાયર (અ) હેરાન, દુખી.
આળસ (ના) સુસ્તી.
તોલ (અ) વજન.

કવિતાની સમજુતી. (૧૩).

માણસ ભણતાં ભણતાં વીદ્વાન થાય અને લખતાં લખતાં સારા અક્ષરનો લખનારો બને; તેમ રોજ જો ચચાર ગાઉ ચાલ્યાકરે તો લાંબો રસ્તો હોય તે પણ કપાઈ જાય. ૧ પોપટ જેવો પશુ પણ શીખવાથી શબ્દ બોલતાં શીખેછે; તો કાયર થઈને જે માણસ ભણવાથી આળસ કરે તેને ગધેડા જેવો જાણવો. ૨. કુવાઉપરના જે કાળા મોટા પથરા, તે રોજ પાણી ભરવા જતાં દોરડાના ઘસારાથી ધીમે ધીમે ઘસાઇ જાયછે, એ નીશાનીનો દાખલો લેઓ. એટલે એ પથરા ઘસાયછે તો ગમે તેવો કોઈ મુરખ માણસ હશે ને તે મેહેનત લઈ શીખવા માંડશે તો તેને શું નહીજ આવડશે. ૩.

પાઠ ૫૭ મો.

જંગાલ=ત્રાંબાનો કાટ.
જસત { સફેત મેલા રં-
સીસુ { ગની ધાતુ.
કાટ (ના) કીટ
દીઠામાં (કૃ) જોવામાં.
નરી=સ્વચ્છ, ચોખી.
જવલ્લે (અ) કોઇવખ-
ત, કદાચ.
દેવતા=અગની, વસ્તેવ.
ગાળે (ક્રી) પીગળાવે.
ચોખી=સાફ, સ્વચ્છ.
ભારે(વી)વજનમાંઘણી
ચળકતી (વી)ઝળકતી.
માંનીને(કૃ)અજવાળીને
ઝાંખુ(વી)તેજવગરનું
નરમ (વી) પોચું.

પાઠ ૫૮ મો.

ગદીઆણો(ના)૧૬વાલ
અડધો તોલો.
ઓગળવું(ક્રી) પીગળવું
વરક (ના)સોના રૂપાનાં
છેક પાતળાં પાનાં.
પાતરાં(ના)ધાતુનેટીપી
નેપાતળાંપાના કરેલાંતે.
ટીપી (કૃ) ટપેરી.
રજ(ના)રચખેણુ,કણી.
તાવ (ના) એક કાગળ.
આકાશ (ના) આભ.
વાળ(ના)બાલ,નીમળા.
મસ (વી) ઘણો. બહુ.
તાપ (ના) ગરમી.
આંચ (ના) ઝાળ.
યાદ (ના) ફોમ.

પાઠ ૫૯ મો.

ડોસો(ના)ઘરડોમાણસ
અચંબો (ના) નવાઇ.
છેડવું(ક્રી)અડકવું, બા-
ઝવું પુરો(વી)બરાબર
સંપ (ના)એકમત,એક-
દીલ.
કને (અ) પાસે. સોડે.
ભારી (ના) બચકી.
મંગાવીને=અણાવીને.
કારણ=સબબ,મતલબ.
બળ (ના) જોર, કસ.
સંપસંપીને=હળી મળી.
ને.
નબળા (વી) કમજોર.

પાઠ ૬૦ મો.

ટીખલી(વી)અટકચાળું.
ટીખલકરેએવું, તો-
ફાન.
અટકચાળાં(વી)આડા-
વળાટવાળાં.
અડપલાં(વી)અટકચા-
ળાં કામ.
નીરાંત(ના) ચેનસુખ.
ગલોફાં(ના)આલડાચાં.
જુસકો (ના) કુદકો.
માંકડા (ના)રાતામાંનાં
વાંદરાં.
વગડામાં (ના) વનમાં.
ઉઘાડી (વી) ખુલ્લી.
ચીડાય (ક્રી)ખીજવામા
વીટાળીને (કૃ)લપેટીને.
લટકાવીને=ટીંગાવીને.

પાઠ ૬૧ મો.

બાપડીઓ(ના)મછરી.
ચંડાળ (વી) પાપીદુષ્ટ.
શાહેદ (ના) શાક્ષી.
ઈનસાફ (ના) ફેસલો.
અરે (ના) હાય,ફીકર.
દશા (ના) હાલ,હવાલ
ગળેપડું (વી) ધાધપડુ
લુચ્ચી પસરૂ.
વઢવાડ (ના) લડાલડી.
જણીઓ(ના)બાઇઓ
ફર્યાદ(=અરજ રાવ દાદ
કડકા(ના)ભાગ કકડા.
બરાબર (વી) સરખા.
હુકમ (ના) ફરમાસ(ગી
છાનીમાની(વી)મુગીમુ-
બુમેબુમ=ગાંટેઘાંટા.
ઉડાવું (ક્રી) છોલુમુકું.
ખરી (વી)સાચી, ખુબ

ઉઘાધિકર્યાં=સોપી આ-
આ, તપાસી આપ્યા.
પાઠ ૬૨ મો.
વેળા(ના)વખત, સમય.
અઠવાડીઉં(ના) આઠ-
દાહાડાની મુદત.
ધ્યાન(ના)ચીત્ત, સુરત.
અંગ્રેજી=ગોરાલોક, ટોપી
વાળા, સાનોર.
પાઠ ૬૩ મો.
પોહોર(ના)ત્રણ કલાક.
મહીના(ના)૩૦ દાહાડા.
આથમે=અસ્તપામે, ઘે-
ર જાય.
મધરાત=વચલી રાત.
પખવાડીઉં(ના) પંદર-
વાડીઉં.
પાઠ ૬૪ મો.
વા(ના) પવન.
શીશી(ના)કાચની નાની
બાટલી.
વીંજણો(ના)પંખો.
વાયરો(ના) પવન, વા.
બફારો(ના)પસીનો પ-
રસેવો.
પવન(ના) વા. વાયરો.
વાસીને=દઇને ઢાંકીને.
સોટા (ના) ફળસીઓ-
થીર(વી)હાલેચાલેનહી

જેએકની એકજગ્યા
એ રેહે તે.
બોળ્યાં (કૃ) ડબોળ્યાં.
બદલે (અ) જગોએ.
દબાવી (ક્રૃ) બોળી.
પાઠ ૬૫ મો.
લેહેરો (ના) વમળ લી-
સોટા.
ગતી (ના)શક્તી, બળ.
ધુજવું(કૃ)હાલવું. કાંપવું.
પ્રવાહી(વી) પાણીજેવા
નરમ.
જુગતી(ના)તદબીર, હી
કમત.
નાદ(ના)અવાજ, સાદ.
ઇશારત(ના) ચીન્હ, ની-
શાની, સાન.
સાદ(ના) અવાજ.
કુંડાળાં=ગોળ ચકરડાં.
ઉપરાઉપરી(વી)એકપ-
છી એક.
છેટે(અ)આઘે, દુર.
ફલાણો(વી)હરેક, મુકરર
કરેલો.
અથડાય(ક્રી) અફળાય.
ઘાટ(ના) ડોળ, (ઘડીને
કરેલો બનાવટ.)
બેહેરા(વી) કાંને સાંભ-
ળે નહી તે.

ઘરડપણ(ના) બુઢાપણું.
જન્મ બેહેરા(ના) જન્મે
ત્યારથી બેહેરા.
મુગાં(વી)મે હોડે બોલી-
શકે નહી તે.
પાઠ ૬૬ મો.
ટાટ(ના)શણનું કપડું.
કાગદી(ના)કાગળ વેચ-
નારો,
ઘુંટવું(કૃ) મોહોરો દેવો,
સાફ લીસુ કરવું.
ખેળ (ના) લાહી.
ઘા (ના) ઘાપો, દસ્તો.
તા(ના)તાવ, આખો કા-
ગળ.
સાહેબખાની(ના)ઉંચા
સાહેબ લોકોને વાપ-
રવા જેવા.
ડોવીદેવું(કૃ)ડબોળવું,
બોળી કાઢવું.
તાવ(ના)આખો કાગળ.
ફટકડી (ના) ફટકી.
ચાલણી(ના)ચાળણી-
ઝીણાઝીણા વેહેવા-
ળુ ધાતુનું વાસણ.
પલાળી(કૃ)ભીનાળી.
સફેત(વી) ધોળુ, ઉજળુ.
ઠરીને(કૃ)બંધાઇને.
કકરા(વી) ખરબચડા,

(હાથફેરવીએ ને લીસા લાગે નહી તે.)
લીસા(ના)સાફ ઘુંટેલા.
ઊંચા(વી)સારાંકામતી.

પાઠ ૬૭ મો.

મુખીઆ(ના)મોવડી, આગેવાન.
દેશાવર(ના)પરદેશ, દેશાંતર.
ફારસ(ના)ધાશકો, ફીકર.
પૂગઝળી આં(ના)આંસુ
ઠાઠમોહ(વી)મુરખ, અણઘડ.
અભણ(વી)વગર ભણેલો, મુર્ખ.
નામુ(ના)નામ, દફતરી કામ.
મથાળુ=ઉપલોભાગ.
ધણી (ના) વર, માંટી.
ઠેઠ=છેક. નાકેસુધી.
રોવા(ના) રડવા.
માઠી=ખરાબ મુવાની.
ખબર (ના) સમાચાર, સંદેસો.
ઉકેલીને (ક્રી)ફોડીને.
રૂએછો (ક્રી) રડોછો.
પછવાડેથી(અ) પાછળથી, પછવાડેથી.
પસ્તાવો(ના) અફસોશ.
લાજી(ક્રી) શરમાઈ, લજાઈ.

પાઠ ૬૮ મો.

અભીમાન (ના) હંકાર
નીશાની(ના) એંધાણી, ઇશારત.
સરદાર=સભદાર ઉપરી.
અસાર(વી) સાર નહીતે નઠારૂ.
રાય (ના) રાજા.
વેહેમ(ના) શક, સંદેહ.
ઉર (ના) દીલ, મન.
બકવું(ક્રી)લવવું,લવારો કરવો.
સાર અસાર(વી)સારીનઠારી વાત,સારૂંનઠારૂ કામ.
અક્ષર(ના)હરફ,દસ્કત.
અપાર(વી)ઘણોજ જેનો પાર નહી.
જગ (ના)જગત, પ્રથ્વી.
વડો (વી) મોટો.
શીખામણ(ના) ફાયદાની વાત.

કવિતાની સમજુતી. (૧૪.)

મુરખને માથે કાંઈ સીંગડાં ઉગીને તેની નીશાની હોતી નથી પણ જેને સારા નરસાનું કશું ભાન નથી તેનેજ મુરખ સમજવો. ૧. જેને એક હરફ પણ લખતાં વાંચતાં આવડે નહી (કાળા અક્ષરને કુટીમારે,) ને મનમાં અહંકાર ઘણોજ રાખે તેવા માણસને પ્રથ્વી ઉપર બધા મુરખાઓનો સરદાર સમજવો. ૨. મોટી મોટી વેહેમ ભરેલી ઘણી વાતોનો તે લવારો કરે, પણ તે મુરખનો રાજા કહેલી શીખામણ સાંભળતો નથી. ૩.

પાઠ ૬૯ મો.

વેતરૂ=મેહેનત, મજુરી.
આળોટવું (કૃ) ગોલાંટ ખાવાં, ગબડવું.
અમીર(વી) મોટ્રામાણ.
દાબડો(ના)બાપ્રે. (સ.
ધીરજ=સબુરી, શાંતી
ખમી=સહી,સહનકરી.
હઠે(ક્રી)પાછું ફરે, દબે, હારે,
મરજી(ના)ઇચ્છા, ખુશી
દેખાદેખી(કૃ) જોઇને.
ડોક (ના) ગરદન,ગળું.
ભાર (ના) બોજો.
લાજ (ના) શરમ.
સીધી (વી) પાધરી.

પાઠ ૭૦ મો.

ડેલું (ના) તબેલો.
વ્યાસ(ના)ગબ્બર, પૈસા દાર.
પુરૂં=બરાબર પેટભરીને.
છોડાવ્યું(ક્રી)મુકાવમેલાવ
દેખાયો (ક્રી) જણાયો.
ખોતરતો(ક્રી)ખોદતો, ખણતો.
ભેદ(ના) કારણ. મરમ.
ધન(ના)પૈસો. દોલત.
ત્રાંબિયો (ના) તાંબાનોએક ડાઘાંળો ટેગડો.

પાઠ ૭૧ મો.

શેતુર (ના) એકજાતનો મેવોપીપેરનાઆકાર નો થાયછે.
ખદખદતું(ક્રી) ઉનુઉનું
અબોટીઆં(ના) રેશમી લુગડાં.
હીરાગળ (વી) રેશમી.
પતંગોડ઼ે=એક જાતનો જીવડો.
ગજીઆણી(ના)ગજપ. નાનું રેશમી કપડું.
તાતણો (ના) તાર.
મુગટા(ના)કોરાણવાળાં હલકાં અબોટીઆં.
મશરૂ(ના) રેશમી કપડું.
કોશેટા=ગોળ લાંબીદડી
હીર (ના) રેશમ.
કીડા(ના)લાંબાજીવડા.
ભાત ભાતના(વી)જાત જાતના.
કીનખાબ(ના)કસબના બુટ્ટાવાળું રેશમીઊં ચું કપડું.

પાઠ ૭૨ મો.

આખલો(ના)ગોધો. સાંઢ
મચ્છર(ના) ગણગણતો જીવડો.
માતેલો(વી) જબરો, ધ-

રાવલો મતવાલો.
નબળો=કમજોર, લૂલો.
સાંઢ(ના), આખલોગોધો
આંટો(ના)ચક્કર, ફેરો,
તોબા(ના)કાયર. કંટાળે.
તુચ્છ(વી) હલકો નીચ.
અહંકાર(ના)અભીમાંન
ધરાઇને(કૃ)ત્રપતથઇને.
ગણગણતો(કૃ) ગુણગુ. ણ કરતો.
નીચ(વી) હલકો, તુચ્છ
જબરા (વી) જોરાવર.
પલક (ના) પલ, ક્ષણ.
કચરી(ક્રી)કચડી છુંદી.
પછાડે(ક્રી)અફાળેઝીંકે
વેદના (ના)દુઃખ,પીડા
ગાંડો(ના દીવાનો,ઘેલો.

પાઠ ૭૩ મો.

કરોળીઓ(ના) જાળમાં રહેનારો જીવડો.
હરાવવું (ક્રી) હંફાવવું, જીતીલેવું.
બેહેકવું (ક્રે) છાકી જવું વધારે બોલવું.
જાળું (ના) ફાંદો, ફાંસો.
જીતવું (ક્રી) જીતીલેવું, હરાવવું.
ફુલાઇ=અહંકારેભરાઇ
શેર(ના) ૪૦રૂ પીયાભાર

નું ભજન.
સાંઢીઓ(ના)ગોમો,સાંઢ
ખરાંખરા(વી)સરખા.
સરખી, હરીફી.
ગર્વ (નાં) અહંકાર
હસવા(ક્રી)મશ્કરીકરવા.
નજ (અ) નહી, ના
ફાંફાં (ના)ખોટીમેહેનત
વેવલાં. (આવતો.
અટવાતો (ક્રી)આંટીમાં
જીતનાર(ના)જીતીલેના
ર ફતેહ પામનાર.
કેવળ=બીલકુલ, તદન.

પાઠ ૭૪ મો.

કોમળ=નાજુક, કુમળુ.
રમુજી (વી) ખુશલાગે-
એવું.
ચંચળ (વી)હોંશીઆર
પટા(ના)સીસોટા,કાપા.
રવાટાં(ના)ઝીણાંઝીણાં
બાલ.
ચીતારો=ચીત્ર પાડનાર.

પાઠ ૭૫ મો.

છેતરવું (ક્રી) ઠગવું.
પાપ (ના) નઠારૂં કામ,
નઠારાંકામનો દેષ.
દડીયો (ના) પડીયો.
ગુકવવું (ક્રી) ખસેડવું.
સંતાડવું (ક્રી) છુપાવવું
કરડી (વી) આકરી,સ-
ખત.
નાત=જમણવાર, વગે.
બગાડ્યું(કૃ)ખરાબ કર્યું.
સરત(ના)નીશા,ધ્યાન.
છેતરાઈ(કૃ) ઠગાઇ.
વાહાલી (વી) પ્યારી.
નાનપણ (ના)બચપણ

પાઠ ૭૬ મો.

ઘડી (ના) ૨૪ મીનીટ.
પળ (ના) લેહેજો.
તરતું(ક્રી)અતરંગરેહેતું.
મંદીર=દેરૂં. દેવસ્થાન.
ટૂંકોટૂંક (વી) માથાસુધી.
જોશી=જ્યોતીષ વીદ્યા
જાણનારા.
ડુબીજવું(ક્રી) બુડીજવું
કાજૂક (ના) કોકો.
માપ=ભરત, પરમાણું.
વાપરતાં (ક્રી) કામમાં
આણતાં.

પાઠ ૭૭ મો.

ભારે(વી)કીમતી,મોંઘી.
મોહોર(ના)પંદરરૂપીઆ
ની કીમતનો જુનો
સોનાનો શીક્કો.
કસબ=જરી.કીનખાબ.
પાલવ (ના) કોર.
વેડ (ના) વેણીઓ.
કંદોરો(ના)કેડે ઘાલવાનું
ઘરેણું.
કીમ્મત(ના) મુલભાવ.
ઉપાડે (ક્રી) ઉંચકાય.
સુંદર (વી)સારાં, મઝા-
નાં.
કંઠી=સોનાની સાંકળી.
તાલેવર (વી) પૈસાદાર.
તોઈ (ના) ફીટ.

પાઠ ૭૮ મો.

નાખુશ (વી) દલગીર.
ટટાર(વી)સીધો,પાધરો.
ખુશી(ના)હરખ;સંતોષ
નાખુશી(વી)દીલગીરી.
પોતીકા (સ) પોતાના.

પાઠ ૭૯ મો.

વાચા(ના)ભાનબોલવા-
ની સમજ.
ભાન(ના)સમજઅક્કલ.
શા(અ)વાસ્તેકેમ? શાને
માટે ?
પુણ્ય(ના) ધર્મ, દાનનું
આશીષ.
કશું=કંઈપણ, જરાએ.

પાઠ ૮૦ મો.

કાંચળી(ના)કપડું, બા-
યડીનું ચોળી જેવું
પેહેરવાનું કાપડું.
પીયર (ના)બાપનુંઘર.

મોસાળ(ના)મામાનુંઘર
હેત(ના)પ્યાર,ચાહેના..
હરખ(ના)ખુશીઆનંદ
ઠેશ(ના) ઠોકર, ખત્તા.
પલળી (ક્રી) ભીનાઈ.
બગડી(ક્રી)ખરાબ થઇ.
રીસ(ના)ગુસ્સો,તામસ.
ઉતરી(ક્રી) નરમ પડી.

વાંક(ના)તકસીર ગુન્હો.
બાપડી (વી) બીચારી, ગરીબડી, રાંક.

પાઠ ૯૧ મો.

નીંદે (ક્રી) બદબોઇ કરે.
બળવંતો (વી) જોરાવર.
કલેશ=કજીઆ કંકાસ.
હળતા(કૃ)મળીનેરેહેનાર
સંપી=સંપ કરી હળી મળી.
સુખચેન=મજા, સંતોષ.
શોક=દલગીરી,પસ્તાવો.
ઘટે (અ) ઓછી થાય.
લેશ(વી)જરા,જરાપણ.
ગીતો(ના)બાપડીઓરાગ કાઢીને ગાયછે.

કવિતાની સમજુતી. ૧૫.

આપણે બંનો ભાઇ ને બેહેન હળી મળીને સંપથી રમીએ તો ઘણું સુખ થાય. લઢી વઢીને કંકાસ કરીએ તો જીવને ઉચાટ થાય, આબરૂ ઓછી થાય, ને વળી લોકો પાછળ બદબોઈ કરે. ૧. જે આપણો બાપ ઇશ્વર મોટો જોરાવર છે, તે ઇશ્વર અમે સદા હળી મળીને રહીએ એવું તું કર, કે જેથી નીરંતર સુખમાં દહાડા જાય અને કોઇ દહાડો જરા પણ કજીઆ કંકાસ થાય નહી. ૨. જે છોકરાં એકમીજા સાથે હળીમળીને રેહેતાં હોય, તે કોઈ દહાડો સામાસામા લડે નહી, તેઓ સાથે રમી જમીને ગીતો ગાયછે, તેથી તેમની મા મનમાં ઘણી ખુશ થાયછે. ૩.

પાઠ ૯૨ મો.

ટપકાં (ના)ઝીણાં ટીપાં.
ધુમસ(ના) ધુમ્મસ દળ,
ઝમવું (ના) બંધાવું.
બરફ(ના)ઠરીને બંધાઇ ગએલું પાણી.
કરા(ના)હવામાંથી છુટું પડીને બંધાયલુંપાણી.
રૂપ(ના) ડાળ, કાંતી.
ઢીબ(ના)માટીનીગાગર કે મોરીઆનો બાગેલો નીચલો ભાગ.
વરાળ(ના)બાફ,શેવાળ.
તાસક=ઢાકણું, ધાતુની રકાબી.
ગગન (ના) આકાશ.
ઠાર (ના) ઠંડ, હીમ.
વેગળેથી (અ)આઘેથી
ઝાકળ(ના)સરણી,ઓસ.

પાઠ ૯૩ મો.

મધ્ય=વચલા વાંસાના, સાધારણ.
પુષ્કળ(વી)ઘણું, બહુ.
ડામ (ના) ઉનો ચપકો.
બરડો(ના)પીઠ, વાંસો.
સાંધા (ના) કટકા.
પાંસળીઓ(ના) પાસા

નરકની હાડકીઓ.
ટેકીટેકીને(અ)અઠેલીને ટેકો દેઇને.
જડબું (ના) ડાચું.
ઝેરી (વી) વીખવાળુ.
થેલી (ના) કોથળી.
ભેળુ (વી) સાથે.
જખમ(ના) કરડેલી કે વાગેલી જગો.
પસરે (ક્રી) ફેલાય.
ઘટતા(વી)લાયક, જો-ઇએ તેવા.

પાઠ ૮૪ મો.

સીંહ(ના)જનાવરોનોરાજા, મોટું ચોપગુપશુ.
જીવતદાન-નવો જન્મ.
મહારાજ(ના)મોટા રાજા, રાજાધીરાજ.
કાલાવાલા(ના) ખુશામત,વારેવારે કરગરીને કહેવું તે.
સામર્થ(ના)જોર, બળ.
છાયે(ના) શીળે, ઓળે.
દોડાદોડ(કૃ) દોડ ધામ, નાસાનાસ,ઠીગામસ્તી
ગુનો(ના)અપરાધ વાંક
માફ(ના)ક્ષમા જવા દેવું તે.
ચાકરી (ના) સેવા.
ટાળીશ (ક્રી) મટાડીશ.
શેખી=પતરાજી,વડાઈ.
વન(ના)રાન,જંગલ.
ગરીબડો=કંગાળ, રાંક.
ઘેલા(વી)ગાંડો, નાદાન.

પાઠ ૮૫ મો.

હાજર (ના) તૈયાર.
તરણું (ના) તખલું.
બજાવશે (ક્રી) કરશે.
દાસ(ના)ચાકર, સેવક.
જાળ (ના) ફાંદો.
છુટાયુ (ક્રી) નીકળાયું.
અકળાયો(ક્રી)ગભરાયો.
બુમો(ના)પોકાર, ઘાંટા.
બદલો(ના)અવેજ,પાડ
કાતરી(ક્રી)કરડી.
પ્રસંગ(ના) વખત, સમય

પાઠ ૮૬ મો.

સાંઠીયો- કરાઠીસોટીઓ
રેસા (ના) દોર, કુંચાં.
બોયાં(ના)સાંઠા, કરચા.
સુતળી(ના)સણનારેસાની દોરી.
ટાટપટી=સુતળીનાંટાટ.
દીવાશળી(ના) દીવા કરેવાની સળી.
માણસ પુર(વી) માણસ જેવડાં, માથોડાં પુર.
ઝાઝા(વી) ઘણાં, બહુ.
ઉપાડી (ક્રી) ઉચકી.
મરડીને(કૃ) આમળીને

પાઠ ૮૭ મો.

શીયાળવાં (ના) શીઆળનાં બચ્ચાં.
ભુગળાં (ના) નળાં.
વાઢ(ના)શેલડી ઉગેલી તે જગો-ખેતર.
પોલ(ના) ખોલ, ગુફા, ખંડેર.
ખંડેર (ના) ખંડીયેર.
મેદાન (ના) લાંબી પોહોળી ખુલ્લી જગો.
ચોરીથી(ના) છુપકીથી.
ટોળું (ના) જથો.
મુએલાં(કૃ)મરીગયેલાં
કુકડા (ના) મરઘાં.
નુકસાન(ના)બીગાડ.
એકાંત(વી)એકલાં.

પાઠ ૮૮ મો

લોભીઓ (ના) લાલચુ માણસ.
જમણવાર=ન્યાત વરો.
પડપુછ (ના) તજવીજ, તપાસ.
લાભ(ના)ફાયદો, નફો.
તપેલાં (ના) પાતેલાં.

સંભાળી(કૃ) સાચવી, ત
પાસી.
વીંયાંય(ક્રી)જણ્યાં.
બચ્ચાં(ના)છોકરાં.
ભુલથી(ના) ગફલતથી.

પાઠ ૮૯ મો.

ધુતારા(ના)ધુતીલેનારા,
સમજાવીલઇજનારા.
નાદાન (વી) ઘેલો અ-
ણશમજુ.
આદમી(ના) માણસ.
ફરીને(અ)બીજીવખત.
નાત=જમણવાર, વરો.
ખપ(ના) જરૂર, કામ.
ચુપ(ના)મુગો,અબોલો.
વસતા (ક્રી) રેહેતા.

પાઠ ૯૦ મો.

ફેર(ના) તફાવત ફરક.
ભીંડી(ના) શણને મળ-
તી જાત.
વાણ(ના) ભીંડીના રે-
સની દોરી.
ગરીબ(વી)પૈસા વગર-
નાં, રંક, નીર્ધન.
ટકાઉ (વી) મજબુત.

પાઠ ૯૧ મો.

ઢુંધ=ઢગો, મોટો ટેકરો.
રણ(ના) રેતીનું મેદાન.
રેતાળ(વી) રેતીવાળી.
ચરબી(ના) જનાવરના
ચામડાનાપાતળાપ-
ડમાંથી જે ચીકણી
ઘીજેવી વસ્તુ નીક-
ળે તે.
સંદેશો=સમાચાર,કેણ.
પોષણ(ના)ગુજરાન.
મુસાફરી(ના) ગાડીએ
કે પગે ચાલતાં એક
દેશથી બીજે દેશ
જવું તે.
સાંઢણી(ના)ઊંટની માં-
દા(ઝડપથી ચાલના
રૂં ઊંટ.)
તરેહવાર=અજબરીતનું
ઓર તરેહનું.
ઝડપ=તાકીદ, ઉતાવળ.
બાવરીઓ (ના) બાવ-
ળના કાંટાનું ઝાડ.
સંકડાઇ (કૃ) સંકોચાઇ-
ને દબાઇને.

પાઠ ૯૨ મો.

વનસ્પતી(ના) લીલોતરી
વેલા(ના)ભોંયપર પથરા-
તો છોડ.
બટાટા(ના)અલુખડા.
તાંદલજો=તાંદળીઆ-
ની કે ચોલાઇનીભાજી
સુરણ=એકજાતનો કંદ.
મેથી(ના)મેથીનીભાજી.
રતાળુ=એકજાતનો કંદ.
તળવું(ક્રી)તેલમાં વઘા-
રવું.
પોઇ(ના)પોઇની ભાજી
સકરીઆં(ના)મીઠો કંદ.
અળવી=અળવીનીભા-
જી.
બાફીને (ક્રી) પાણીમાં
રાંધીને.
કુમળા=નરમ, સુંવાળા.
ચડે(ક્રી)મફાય, રંધાય.

પાઠ ૯૩ મો.

સેકટો (ના) સરગુઆ.
અગથીઓ(ના) અગ-
થીઆના ફુલનું ઝાડ.
કડો=કડાનાફુલનું ઝાડ.
ચીલવા(ના)મીચદાણા.
ફોલીને (કૃ) છોલીને.
સુધાં (અ) સાથે.
રીંગણાં (ના) વેગણાં.

પાઠ ૯૪ મો.

પાર(ના) સામો કીનારો
માછી(ના) ઢીમર માછ-
લાં પકડનારો.
સઢ(ના)ખાદીઓ વાં-
ધી સાકટીસાથે સી-
વીનેવાહાણ ચલાવ-
વાસારૂ બાંધેલી તે.

ખારવા (ના) ખલાસી.
મછવો(ના)નાની હોડી.
હંકારવું=પાણીમાંચલાવવું.
સાધું=ખાવાનું ભાથુ.
હલેશાં (ના) ચાટવાં.
સામાન(ના) ચીજો.
તોપ (ના) મોટી બંદુક.
ચાદરો=ખાદીનીપીછો.
બાગ્યે=મુશકેલાઇથી.
સમાઇ (ક્રી) માઈ.

પાઠ ૯૫ મો.

રીંછ (ના) બીયામણું બાળવાળું જાનવર.
બીયામણું (વી) ભયંકર
મધમાખ(ના) મધકરનારી માખી
મધપૂડો(ના)મધમાખના પુડા.
મજબુત(વી) જોરાવર.
ભાવે(ક્રી) સ્વાદ લાગે.
રાની(ના) જંગલમાંની.
ભોગ (ના) કમબખ્તી.
ચટકા (ના) ડંખ

પાઠ ૯૬ મો.

બચરડીને(ક્રૃ) કચરડીને
જવલે=કોઈ વખત.
બમતાં(ક્રૃ)મટકતાં.
ચાડ(ના)મેહેનત, શ્રમ.
પીઠ(ના)બરડો, વાંસો.

પાઠ ૯૭ મો.

હલકી=થોડી કીમતની.
મેળવણી(ના)મેગ.
કંસારા(ના)ધાતુના વાસણ બનાવનારા.
કલાઇઘડા(ના) કલાઇનાંવાસણબનાવનારા.
ઘાલી(કૃ) રાખી.
વાળીએ(ક્રી) મરડીએ.
દોહણી(ના) કલા એ, છાસની તાંમડી.

પાઠ ૯૮ મો.

ગોળીઓ(ના) સીસાની લખોટી.
છરા(ના)નાનીનાની શીસાની ગોળીઓ.
બંદુક (ના) નાની તોપ.
કાંતીલોડું=ચીનાઇ લોડું
વોહોરા(ના) હોરાલોકો.
કાંસુ(ના) એક જાતની બરડ ધાતુ.

પાઠ ૯૯ મો.

રત(ના)મોસમ, વખત.
કુંપળ=ફણગો, અંકોર.
મોહોર (ના) આંબાના ફુલ.
ટેટી(ના) ખડબુચાં.
આંબાગાળો=કોરીગાળો, કેરીનો રસ કાઢીને જમવા સારૂ બાઇબાંકું જમવા તેડવા તે.
તરબુચ(ના) એક જાતનું રસદાર જુરાકોળા જેવું મોટું ફળ.
કલોલ(ના) ચેનબાજી.
ટહુકા(ના) મધુર શબ્દથી બોલવું તે.
રાએણ(ના)લીંબોડીના જેવો મેવો.
બફારો(ના) પસીનો.
કોયલ (ના) કાળુ મધુર રાગનું પક્ષી.

પાઠ ૧૦૦ મો.

ઘમઘોર(વી) ચડી આવેલું તે, ઘેરાઈગયેલું
વીજળી (ના) વીજ.
ચમકારા(ના) ઝમકારા.
કડાકા(ના)અવાજ.
ગર્જના(ના)ગડગડાટ.
કાટકો(ના) મોટો અવાજો.
પુર (ના) ભરતી, રેલ, પાણીનું આવવું.
હેલી(ના)ઝડી, વરસાદ બે ચાર દીવસ સામટો આવે તે.
દુકાળ(ના)અનાજ પા-

ણી નહી મળે એવો વખત, ફટી મોઘવારી
તર(ક્રી) તરપત થાયછે.
. બરાબર પલળેલી.

પાઠ ૧૦૧ મો.

કપાસીયા=કપાસનાંબી.
ઠુંઠવાવું=ટાઢે સીકડાવું.
કાલાં=કપાસનાંજીંડવાં.
ડગલી(ના)નાની બેવડી અંગરખી.
હીમ(ના)ટાઢ ઠંડ,ઠાંઠલ.
તેજાનો(ના)મશાલો.
સગડી(ના)કાણાં કાણાં વાળુ માટીનું દેવતા રાખવાનું વાસણ.
કુંડાળું=ગોળ ચકરડું.
તાપણી=ઘાસબરોડા વગેરે કરાંહીને બળતું.
મહા મહા=ઘણું ઘણું.

પાઠ ૧૦૨ જો.

દુશમન(ના)શતરૂ, વેરી.
ચુડા=બાયડીઓ હાથે પેહેરેછે તે.
રમકડાં (ના) બાળકને રમવાની ચીજો.
ઉપાડે(ક્રી) ઉચકે.
અટપટી (વી) અઘરી, છુટે નહી એવી.

પાઠ ૧૦૩ જો.

છત=સીલીક,સંઘરો.
ભઠી(ના)દેવતાનોઆરો.
ગોતર (ના) અનાજનાં છાલાં છોતરાં વગેરે
કસણવું=ચોળવું,ગુંદવું.
લોંદો=લપકો.લચકો.
પણો(ના)ઝીણી રેત
ચોકઠું=ચોખંડો સંચો.
અલગ(અ)અતરંગ હાલે નહી એમ.
જરૂર=પરવા,દરકાર.

પાઠ ૧૦૪ થો.

કોલ(ના)કેલ, છો,કે માટીને પલાળીને ગારો કરેલો તે.
મટોડું=ચીકણી માટી.
આધારે(ના)આશરે.

પાઠ ૧૦૫ મો.

ખલાસી(ના) ખારવા.
વેહેરવું(ક્રી) કરવત વતે ચીરવું,પાટીઆં પાડવાં.
કામડાં(ના) વાંસને ચીરીનેબેભાગકરેલા તે.
કરાઇ(ના)લાકડાં વેહેરનારો.
મોતીઆં(ના)નેવાં આગળની લાંબી લાકડાની પાટલી.
સરડવું (ક્રી) કામડાં ભરી લેવાં.
પકવાસા(ના) લાકડાની પાતળી ચીપો.
વળી(ના)સાકટી.
ભારોટીઆ(ના)પાટડા.
લગ(ના)ગે સાકટો.
ઢાળ(ના)નીચો ઢોળાણ
પીઢીઆં=જાડાસાકટા.

પાઠ૧૦૬ ઠો.

ઓજાર(ના) હથીયાર.
કહોડ=લુહારની પેટી.
ગજવેલ(ના) ખરૂં લોઢું.
અંન=અનાજ, દાણો.
એરણ(ના)જેના ઉપર સોની, લુવાર વગેરે ટીપેછે તે.
ધમણ(ના)દેવતા સળગાવવાને ફુક મારવાનીચામડાની ગુણ.
કોશ (ના) નરાજ.
બરડવા(ના)ચાપડા.
સામાન (ના) ચીજો.
પાળી(ના)ચપ્પુ, છરી.

પાઠ ૧૦૭ મો.

ઠેઠ (અ) છેક.
સાંસા(ના)તંગી, વંખા.
નીરાશ(વી) ના ઉમેદ, આશાભંગ.

ગબડવું(ક્રી)ઢળી પડવું
સાંકડો (વી) નાનો.
નીકાલ=છુટકો, તોડ.
વસમો(વી) અઘરો.
અડોઅડ(અ)પાસેપાસે
ડુંગર(ના) મોટો ટેકરો.
ટેકરી(ના) નાનો ડુંગર.
ચોતરફ(અ)આસપાસ
ચારે બાજુએ.
માર્ગ(ના)રસ્તો રાહ.
કદાપી(અ)કોઈ વખત.

પાઠ ૧૦૮ મો.

તમાશો(ના)ખેલ, રમત
ચતુરાઈ(ના) ડહાપણ.
વખાણવું(ક્રી)તારીફ ક-
રવી, સારૂ કહેવું.
અંતે(અ) છેલ્લે છેવટે.
વાળ્યો (અ) મરડયો.
સંકડાઈને (ક્રી) સંકોચા
ઈને, દબાઈને.
સમજણ=સમજબુદ્ધી.
હઠ(ના)જીદ, મમત.
જીવ=પ્રાણ, આત્મા.

પાઠ ૧૦૯ મો.

જીંડવાં (ના) દીંડવાં.
રેંટીઓ(ના) રેંટ.
ચરખો(ના)કપાસમાંથી
કપાસીયાસાથરૂ જુ
દા પાડવાનો નાનો રેં
ટીઓ.
ખાદી(ના) દોઢી, જાડું
કપડું.
સુતરાઉ=સુત્રનું બનેલું.
મલમલ(ના) ઝીણું ઉ-
ચું લુગડું.
પોત(ના)કુમાશ.
જગંનાથી(ના) એક જા
તનું ઝીણું લુગડું,
માદરપાટ(ના) સફેતઘટ
કુમાસદાર લુગડું.
છુટા(વી)જુદા, નોખા
બાસ્તો(ના) એક જાત-
નું કપડું.

પાઠ ૧૧૦ મો.

રશ્મિ (ના) કીરણ.
લાલાશ (ના) રતાશ.
કરોડ (વી) સો લાખ.
ગાઉ (ના) કોશ.
તેજ(ના)નુર, ચળકાટ.
ઝાડપાલો (ના) ઝાડનાં
ઝીણાં પાંદડાં.
ગરમી (ના) તાપ.

પાઠ ૧૧૧ મો.

ચંદ્રમા(ના)ચાંદ, ચાંદો.
અલાયો(ના)વાંકો કાપો.
દર્પણ(ના) આરસી.
પુનેમ(ના)પંદરમી તીથી.
અમાસ(ના) મહીનાનો
છેલ્લો દીવસ.
પૃથ્વી(ના) ગ્રહનુ નામ
દુનીઆ.
મુદ્દલ(વી)બીલકુલ જરા

પાઠ ૧૧૨ મો.

ઘડીઆળ (ના) વખત
જાણવાનો સંચો.
મધરાત(ના)વચલી રાત
કલાક(ના) ૨ા ઘડી.
અંગ્રેજી=અંગરેજ લો-
કનું.
અવર (ના) કલાક.
મીનીટ(ના) ૨ા
ભાગ=હીસ્સો, ૫

પાઠ ૧૧૩ મો.

આભલાં(ના) વાદળાં.
ગ્રહ(ના) સ્થીર તેજનો
તારો.
જલદ=તીક્ષ્ણ, કસદાર
અજ્ઞાની(વી)વેહેમ વા-
ળાભોળા, સમજણ
વગરના.
શકતી(ના) જોર, બળ.
સેંકડો(વી) સો, હજારો.
એકાદ=એક કોઈ પણ.
નવું જુનું=ફેરફાર, આ-
ફત, જોખમ, કજા-
રત.
પૂછડીઆ=પુછડીવાળા

પાઠ ૧૧૪ મો.
મેલીએ (ક્રુ) મૂકીએ.
ઓછું (વી) થોડું, જરાક.
વરાળ=બાફ, શેવાળ.

પાઠ ૧૧૫ મો.
મેહ(ના)વરસાદ, મેઘ.
તરફે(ક્રી)શોભે.
કૃપા (ના) મેહેરબાની.
ઘટેછે(ક્રી) લાયક છે,

પાઠ ૧૧૬ મો.
સર્વવ્યાપક(વી) બધે ફે-
લાયલો, બધે ફરતો.
આભાસ (ના) ઉજાસ
ખોળવું(ક્રી) શોધવું.
અંતર=દીલ,ભીતર.
આકાશ=વાદળ,ગગન.
ચાસ(ના) હળે કરીને
ખેતરમાં જેલીટા પા-
ડેછે તે.
કણી (ના) રજકણ.
વીશ્વપતી(ના) જગતનો
ધણી, પરમેશ્વર.
આસપાસ=આસેપાસે
વાસ(ના)રેહેઠાણમુકામ
ઘાટ(ના)વેતરણ, તોડ.
તાત(ના) બાપ, ધણી,
જગતકર્તા(ના) જગતનો
બનાવનાર ઇશ્વર.
ઠાલું(વી)ખાલી અમથુ

કવિતાની સમજુતી. (૧૬.)

આપણી આસેપાસે આકાશમાંને ઘાસ તથા ચાસનીપાસેપણ પ રમેશ્વરછે, એવું મનમાં જણાયછે. ૧. આપણે ભોયતળીઆં નીચે ભોંયમાં પેશી કંઈ છુપી વાત કરીને મનમાં કાંઈ ઘાટ રચીએ ઠ-ગાનો કે કોઇને મારવાનો, તે બધુ જગતનો બનાવનાર ઇશ્વર જાણે છે. ૨. એક જરા જેટલી રજ છુપાવવાને વાસ્તે આપણે ખાલી-જગ્યા શોધીએ, તો કેથેપણ પરમેશ્વર વિના કોઈ જગ્યા ખાલી મા-લમ પડતી નથી. (૩).

પાઠ ૧૧૭ મો.
શ્વાસ(ના) દમ, સાસ.
નાડી(ના)નાડ, ધ્વની.
મૂડકુ=લોથ,લાસ,સબ.
અણસમજુ(વી)વગર,
સમજના, નાદાન.
ખાતરી(ના) નીશ્ચા,ખા
તરજમા.

પાઠ ૧૧૮ મો,
ભાવ(ના) હોંશ, ઉમંગ.
કુડી(ના)નઠારી, માઠી.
ડાડ(ના)ભપકો,ડોળ.
ઠાલો=ખાલી અમથો.
ભેદ(ના) કારણ, પડદો.
આળ=તોહોમત, બટો.
છળ (ના) દગો, કપટ,
છુપાવવું=છાનું રાખવું.
શીખ(ના) શીખામણ.
પળી (ના) ધોળા બાલ
પરાંઆં, સફેતી.
રૂડી(વી) સારી મઝાની
ઠગાઇ (ના) ઠગબાજી,
છળભેદ.
ખડેલું(ક્રુ)આખડેલું.
ડાઘ=કલંક,દુષણ,એબ
ગળી(ના)નામોશી,(એ-
ક જાતનો ક્રામોરંગ,

કવિતાની સમજુતી. (૧૭).

હું તમને સુખે સારી શીખામણ શીખવું તે ધ્યાનમાં લો, પણ નઠારા લોકની નઠારી શીખામણ માનો નહી; ઉમંગથી જાણી ને છુપી વાતના ભેદ મનમાં સમજો, ને હે બાળકો એ વાતની અંદરે તમે મનમાં રાખો.(૧)નઠારી ચાલ ન ચાલો ને સારી ચાલ ચાલો, ને ઠગબાજીનો ખાલી ઢોંગ તમે મુકી દો;કોઇનું ઘરેણું રસ્તામાં પડેલું કે પેઈ આખડેલું હોય, તે તમને જડે તો તુરત જઇને કહો કે હમને જડેલું છે. (૨) જે માણસ કપટથી કે હીકમતે કોઇને છેતરીને વાત છાની રાખે, તો તેથી તેની આબરૂ ઘટે ને લોકોમાં કાળીટીલી આવે; પછી જ્યાં સુધી સફેદ પળીઆં આવે(મરે ત્યાં સુધી)તે ગળીનો ડાઘ કેમે કર્યો છુટતો નથી, એટલે (કાળીટીલી) આવી હોય તે મટતી નથી. (૩).

પાઠ ૧૧૯ મો.

વસ્તુ (ના) ચીજ.
પ્રાણી (ના) જેને જીવ છે ને જે અહીંથીતહી ફરી શકેછે તે.
મૂલક (ના) દેશ.
સંધા(વી)સઘળા,બધા.

પાઠ ૧૨૦ મો.

ગળપણ (ના) મીઠાસ.
મોગરો(ના) એક જાતનું સફેત ખુશબોદાર ફુલ.
ચંબેલી(ના) એક જાતનું સફેત ફુલ.
સુગંધી(વી)વાસસોડમ.
સાધારણ (વી) વચલા વાંધાની મધ્યમ.
સોરમ=સુગંધ,ખુસ્બો.
પુરૂષ(ના)મરદ, ભાયડો.
ભલમનસાઇ(ના) દાના ઇસાલસાઇ,ભલાઈ.
પોચાઇ(ના)નરમાસપણું

પાઠ ૧૨૧ મો.

રસળવું(ક્રી)ભટકવું.
વાણોતર(ના)ગુમારતો, મેહેતો.
ઉમરાણી (ના) આપેલ પઇશાની માગણી.
પીતાંબર(ના)ઊંચુ રેશમી ધોટીઉં.
જાન(ના)ગામડે જવાનો લગનનો વરઘોડો.
નુકશાન(ના)બીગાડ.
દળણાં(ના)લોટ દળવાનું મજુરીનું કામ.
વેલા(ના)આપદાની પત
કાપડીઓ(ના)દોસીવાણીઓ; કાપડવાળો.
જુજ(વી)હલકો, થોડો.

પગાર=મુસારોમહીનો.
માલ (ના) સોદો.
વાયદો(ના) ઠરાવ, ઠેર
વેલો દહાડો.

પાઠ ૧૨૨ મો.

અખ્ખ(ના)એકજાતનો
સંકેતપારદર્શક પડવા-
ળો પથ્થર.
મદારી(ના)એજકરનારા
બાજીગર, નટલોકો.
નીસર્યા (ક્રી) નીકળ્યા.
સોંઘા (વી) સસ્તા.
હર (વી) દર, અકેક.
મગન (ના) ખુશ.
લેખવ્યું(ક્રી)ગણ્યું, ગ-
ણકાર્યું.
મજા (ના)રમુજ,ગમત.

પાઠ ૧૨૩ મો.

ગૃહસ્થ(ના) મોટાકુળનું
આબરૂદાર માણસ.
સમાલવા (કૃ)તપાસવા.
ભીડાભીડ (ના) કચડા
કચડી.
ચંપાઈને (કૃ) દબાઈને.
વાસેલું (કૃ) દીધેલું.
પાડોશી(ના)પાસેના ઘ-
રમાં રેહેનારા.
ઉદાસ (વી) દલગીર.
વીલે (વી) ઝાંખે, ઝખ
વાણે.
રજા(ના) છુટીબરતરફી
ઠપકો (ના) દોષ.
ફેરો(ના)ચક્કર, આંટો.

પાઠ ૧૨૪ મો.

સ્વર (ના)અથી આંસુ
ધીમાંનોગમે તે એક
અક્ષર.
બારાખડી (ના) પદ.
તોતડા (વી) બોબડા.
વ્યંજન (ના) કથી જ્ઞસુ
ધીમાંનોગમે તે એક
અક્ષર.
જોડાઅક્ષર(ના)જોડેલા
દરૂકતો.
અતડું (વી) ખરાબ,
તોછડું.
શબ્દ (ના) બોલ.

પાઠ ૧૨૫ મો.

ભાન(ના)વકુફ, સમજ.
ટેરવું(ના)ટેખુ, અણી.
અગાળુ(ના)અગાડીના
ઉપલાદાંતઉપરની મું
વાળી જગો
સ્પષ્ટ(ના)ખુલ્લુ, સાફ.
વાક્ય (ના) બે અથવા
તેથી વધારે શબ્દએ-
કઠાથયાથી જે ઇમા-
રત બંધાયછે તે.
અડાડીને(કૃ)અટકાડીને
ઉઘાડવું(કૃ) ખુલ્લું કર-
વું.

પાઠ ૧૨૬ મો.

કાળજી(ના) ધ્યાન, ની
ઘેબાની, ચેટક.
કબુલત(ના)કરાર, વચ-
ન.
મુચરકો(ના) કબુલાતનો
લેખ. દસ્તાવેજ.
ભળી (વી) મળવી.
વીરામચીન્હ(ના)વીસા-
મો લેવાની નીશાની
અટકવું (ક્રી) થોભવું.
ટપકુ=ઝીણું મીંડું,બીંદુ.
ગુનેગાર(ના)અપરાધી.
દરજી(ના)મેરાઈ સુઈ.
ચોખુ(વી)સાફ, ખુલ્લું.

પાઠ ૧૨૭ મો.

જવાબ(ના)ઉત્તર.
સંભાળ=તપાસ, નીગ્રા.
ઢબ (ના) રીત, છટા.
પ્રત્યેક=દરએક, હરએક
શુદ્ધ (વી) ખરો, સાફ.
ઉતાવળ (અ) તાકીદ.
માહાવરો(ના) અભ્યાસ.
નીયમ(ના)ધારો, કાયદો
ચાંટો (ના) સાહ, સોર.

પાઠ ૧૨૮ મો.

બાળબોધ-બ્રાહ્મણી.
લીપી(ના)ભાષા,બોલી.
અનુસ્વાર-મીંડું, બીંદુ
ગુજરાતી-ગુજરાતની.
સલંગ=આખી. બધી.
ધર્મપુસ્તક ધર્મનીવાતની ચોપડી.
મુળાક્ષર(ના)પેહેલાસરૂઆતમાંશીખવાના દસ્કતો.
ધોરણ(ના)રીત, રસ્તો.
બ્રાહ્મણી(ના)બાળબોધ
બોલી(ના)ભાષા.લિપિ.
ઓળખવાને(ક્રી)પીછાનવાને, જાણવાને.

પાઠ ૧૩૦ મો.

ઈનામ(ના)શીરપાવ,બક્ષી બદલ કાંઈબક્ષીસ આપવું તે.
વીશ્વાસ (ના) ભરોસો.

પાઠ ૧૩૧ મો.

મુશ્કેલ(વી)અઘરૂં, મુશીબત.
કુબેરવી(ક્રી) વધારવી.
જોખવું(ક્રી) તોળવું.

પાઠ ૧૩૨ મો.

ચતુર(વી)શાણો ડાહ્યો.
ઝવેરી(ના)હીરા, માણેક વગેરેનો વેપારી.
ઝવેરખાનું(ના)હીરામાણેક, મોતી વગેરેનો ભંડાર ભરેલો તે.

પાઠ ૧૩૩ મો.

ધનવાન(વી) પૈસાદાર.
ઢેલ(ના)ઢોંગ, ધતુંગ.
ફોસલાવી(ક્રી) પટાવી, સમજાવી.
ફકીર(ના)સાંઈ, ભીખ માગનારો.
ધમકાવીને (ક્રી) ધુરકી આપીને ધમકીદઈને.

પાઠ ૧૩૪ મો.

ભાળ્યો-દીઠો. જોયો.
કાગ(ના)કાગડો.
પાંખાળો(વી)પાંખવાળો
રૂપાળો-સારો, મધુર.
ભોળું(વી)નીખાલસ, કપટી નહી તે.
ખળ(વી)લુચ્ચું. કપટી.
લક્ષણ-ગુણ,આચરણ
દીસેછે(ક્રી) દેખાયછે.

(કવિતાની સમજુતી). (૫).

ઝાડપર માળો બાંધવા બેઠો એવા એક કાગડાને જોયો,તે બે પાંખવાળો બોલતો હતો, પણ તેનો રાગ સારો હતો નહીં.

પાઠ ૧૩૫ મો.

આંકડા=અંક, નંબર.
તરેહ(ના)રીત, પ્રકાર.
પુસ્તક-ચોપડી, ગ્રંથ.
મેળવી(ક્રી)સરખાવી. મુકાબલો કરી.

ભુગોળ વિશે.

(દિશાઓ.)

સવાલ—છોકરાઓ, બોલો તો દિશાઓ કેટલી છે? **જવાબ**—દિશાઓ ચારછે: ઉત્તર, દક્ષિણ, પૂર્વ ને પશ્ચિમ. **સવાલ**—દિશા-

એ કેમ પારખવી તે તમે જાણોછો ? જ—હાજી, સુરજ ઉપરથી, સુરજ ન દેખાતો હોયતો ધ્રુવના તારા ઉપરથી; અને તે તારો પણ નહી દેખાતો હોય તો વહાણના હોકાયંત્રથી. સ—પુર્વ અને પશ્ચીમ દીશા કેમ જાણીએ ? જ—જેણીગમ રોજ સુરજ ઉગતો હોય તે પૂર્વ દિશા, અને સાંજે આથમતો હોય તે પશ્ચિમ દીશા જાણવી. સ- ત્યારે ઉત્તર અને દક્ષીણ દીશા કેમ જાણીએ ? જ—આપણે પુર્વ દીશા તરફ મોં કરીને ઉભા રેહેવું, તો જેણીગમ આપણો ડાબો હાથ આવે તે ઉતર, અને જેણીગમ આપણો જમણો હાથ આવે તે દક્ષીણ દીશા; જાણવી. સ —ત્યારે હોકાયંત્ર અને ધ્રુવના તારાએ કરીને દીશા શી રીતે જણાય છે ? જ—હોકાયંત્ર એટલે વહાણનો હુકો તે મોટા વાહાણોમાં ખલાસી લોકો રાખે છે, તે અંધારી રાતે, તેમને બહુ કામ લાગેછે. તે હોકાયંત્રની સોય હમેશાં ઉત્તર દીશા તરફજ રેહેછે, તેમ ધ્રુવનો તારોએ પણ ઉત્તર દીશાએ હમેશાં ઉગેછે. એ રીતે ઉત્તર દીશા જણાઈ એટલે પછી બીજી દીશા જાણવી સેહેલછે. એટલું યાદ રાખી મુકવું કે ઉત્તરની સામી દક્ષીણ દીશા, અને પુર્વની સામેની પસ્ચિમ દીશા છે.

(પૃથ્વી)

સ —પૃથ્વીનો આકાર કેવો છે ? જ—પૃથ્વીનો આકાર ગોળ દડા જેવો છે. સ —આપણે કેમ જાણીએ કે ગોળ દડા જેવો છે? જ—જે લોકો પૃથ્વીની આસપાસ પ્રદક્ષીણા ફરી આવ્યાછે, તેમનાથી કારણો સાથે સાબીતી થઈ ચુકીછે તેથી જાણીએ છીએ કે પૃથ્વીનો આકાર ગોળ છે. સ —પૃથ્વી ગોળ છે તેની સાબીતીનાં કારણો બતાવો ? જ—હાજી, તે સાબીતીનાં કારણો બહુછે. ૧લું તો એ કે લોકો વાહાણમાં બેસીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવા સારૂ નીકળેછે, અને પૃથ્વીની આસપાસ પ્રદક્ષીણા કરેછે તો જ્યાંથી તેઓ પેહેલાં નીકળ્યા હોય ત્યાં પાછા આવેછે. ૨જુ જ્યારે ચંદ્રગ્રહણ થાયછે ત્યારે એકતરફ પૃથ્વી અને એક તરફ ચંદ્ર રહેછે, તે વખતે પૃથ્વીની જે છાયા તે ચંદ્ર ઉપર ગોળ આકાર માલમ પડેછે. ૩જુ

દક્ષીણ દીશા તરફથી ઉત્તર દીશા તરફ લોકો જાયછે તો ઉત્તર ધ્રુવ નક્ષત્ર ઉંચુ દેખાતું જણાયછે. વ્યુ પૃથ્વીના બધા દેશોમાં સુરજ બરાબર વખતે ઉગતો નથી કોઈ દેશમાં વેહેલો ને કોઇ દેશમાં મોડો, કોઈ દેશમાં સહુવાર પડેછેતો કોઈ દેશમાં બપોર થાયછે; કોઈ દેશમાં બપોર થાય છે તો કોઇમાં રાત પડેછે ત્યારે તેનું કારણ પૃથ્વી ગોળ છે તેથી છે. સ—પૃથ્વીનો પરીઘ કેટલા માઇલ છે? જ—આસરે ૨૫૦૦૦ માઇલ. સ—પૃથ્વીનો વ્યાસ કેટલા માઇલ છે? જ—આશરે ૮૦૦૦ માઇલ. સ—પૃથ્વીની સપાટી કેમ બની છે? જ પાણી અને જમીન વડે. સ—પૃથ્વી ઉપર પાણી કેટલું છે ને જમીન કેટલી છે? જ—જો આખી પૃથ્વીના બરાબર ત્રણ ભાગ કરીએ, તો તેમાંના બે ભાગ કરતાં વધારે પાણી છે, અને બાકીની જમીન છે.

વ્યાખ્યા.

સ—છોકરાઓ બોલો તો તમે નકશો જોયો છે, નકશો તે શું? જ—હાજી. નકશો એટલે આખી પૃથ્વી કે તેના કોઈ ભાગ, કે દેશ કે શેહેર વગેરેનો જે નમુનો તે. સ—દેશ કોને કહીએ? જ—જેમાં ઘણાએક પ્રાંતો, ઇલાકા વગેરે આવેલા તે. સ—પ્રાંત કોને કહીએ? જ—જેમાં ઘણાંએક સંસ્થાન, જીલ્લા, તથા માહાલ આવેલા તે. સ—ઇલાકો એટલે શું? જ—જેમાં ઘણાંએક શેહેરો તથા ખંડીઆ મુલકો આવેલા તે. સ—જીલ્લો કોને કહીએ! જ—જે ઘણાં એક પ્રગણાંઓ મળી થયેલો તે. સ—પ્રગણું એટલે શું! જ—જેમાં નાનાં નાનાં ગામો ઘણાં આવી એક તાલુકો બંધાયલો તે. સ—ગામ કોને કહીએ! જ—જ્યાં કે થોડાંક ઝુપડાં (ઘર) ની વસ્તી હોય તે ગામ. સ—ત્યારે ગામડું કોને કહીએ! જ—જ્યાં ઘણાંજ થોડાં ઝુપડાં જેવા ઘરની વસ્તી હોય તે. સ—તાલુકો એટલે શું? જ—તાલુકો તો જે પ્રગણું કરીને કહેવાય છે તે. સ—કસબો કોને કહીએ? જ—પ્રગણાનું જે સૌથી મોટું ગામ તે કસબો. સ—શેહેર કોને કહીએ?

જ—જ્યાં મોટાં મોટાં છાબંધ ને હારબંધ ઘરો બાંધેલાં હોય,

અને જ્યાં સારાં સારાં ચૌટાં તથા બજાર હોય ને જ્યાં ધમધોકારે સારો વેપાર ચાલતો હોય તે. સ—બંદર એટલે શું? જ—નદી કે દરીઆ કાંઠે વેપારના મથકનું જે શેહેર આવેલું તે. સ—રાજધાની એટલે શું? જ—રાજગાદીનું જે મોટું શેહેર તે.

સ—સંસ્થાન એટલે શું? જ—રાજાઓના વસાવેલા જે નાના નાના ખંડીઆ મુલક તે. સ—પૃથ્વી ઉપર પાણીના કયા કયા ભાગો થયેલા છે? જ—નદી, સરોવર, અખાત, ઉપસાગર, સામુદ્રધુની, સમુદ્ર, માહાસાગર. સ—પણ પાણીના મોટા ભાગો કેટલા છે, અને તે દર એકને શું કહેછે તેનાં નામ દો? જ—તે પાંચ છે, અને તેમાંના દરએકને મહાસાગર કહેછે તેમનાં નામ;ઉત્તર મહાસાગર, દક્ષિણમહાસાગર, આટલાન્ટીક મહાસાગર, પાસિફીક, અને હિંદી મહાસાગર. સ—પૃથ્વી ઉપર જમીનના કયા કયા ભાગો થયેલા છે? જ—બેટ, સંયોગીભુમી, ભુશીર, દ્વીપકલ્પ, અને ખંડ. સ—પણ જમીનના સૌથી મોટા ભાગો કેટલા થયેલા છે, અને તે દરએકને શું કહે છે તેનાં નામ દો? જ—તે ચાર છે. અને તેમાંના દરએકને ખંડ કહેછે તેમનાં નામ, યુરોપ, એશિયા, આફ્રીકા, અને અમેરિકા, એ શિવાય એક પાંચમો ખંડછે તેને (આસ્ટ્રેલિયા) કરીને કહે છે. સ—અમેરિકા ખંડના કેટલા ભાગ થયેલા છે? જ—બે. ઉત્તર અમેરિકા ને દક્ષિણ અમેરિકા. સ—નદી કોને કહીએ? જ—જે પાણીનો વોધ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીકળીને ઢળતી જગ્યામાં થઈને સમુદ્રને મળેછે તે. સ—સરોવર કોને કહીએ? જ—આસપાસ ચોતરફ જમીન આવેલી ને વચમાં પાણી તે. સ—અખાત કોને કહીએ? જ—જમીન ઉપર ઘણો લાંબો ગએલો સમુદ્રનો જે ફાંટો તે. સ-ઉપસાગર કોને કહીએ? જ—અખાતનું મોં પોહોળું થયેલું તે. સ—સામુદ્રધુની તે શું? જ—જે સાંકડા પાણીનો ભાગ પાણીના બે મોટા ભાગને સાંધેછે તે. સ—સામુદ્રધુની ને સરોવરથી ઉલટું શું? જ—સામુદ્રધુનીથી ઉલટું સંયોગીભુમી, અને સરોવરથી ઉલટું બેટ. સ—સમુદ્ર, સાગર કે દરીઓ કોને કહીએ? જ—

મહાસાગર કરતાં નાનો જે પાણીનો ભાગ તે. સ—ત્યારે માહાસાગર એટલે શું? જ—માહાસાગર એટલે મોટો સાગર અથવા દરીઓ: પૃથ્વી ઉપર ખારા પાણીના પાંચ ભાગ કીધાછે તેમાંનો જે એકેકો ભાગ તે. સ—બેટ કોને કહીએ? જ—ચોતરફ ફરતું પાણી, ને વચમાં જમીનનો ભાગ તે. સ—સંયોગીભુમી એટલે શું? જ—સાંધનારી જમીન: (જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધેછે તે.) સ—ભુસાર, ભુસલાકા. અથવા ડેગ કોને કહીએ? જ—જે જમીનની અણી લાંબી વધીને સમુદ્રમાં ગએલી તે. સ—દ્વીપકલ્પ કોને કહીએ? જ—જે જમીનનો ભાગ આસપાસ ત્રણ બાજુએ પાણી, અને એક બાજુએ જમીનથી વીંટાયેલો તે. સ—ખંડ કોને કહીએ? જ—જમીનના મોટા ભાગ જેમાં ઘણા દેશો આવેલા હોય છે તે. સ—ડુંગર, પાહાડ અને પર્વત કોને કહીએ? જ—જમીન ઉપર જે મોટા ઉંચા ટેકરા હોય તે ડુંગરા, એવા ઘણા ડુંગર સાથે જોડાઇને પૃથ્વીના સપાટીથી ઘણા ઉંચા ગએલા તે પાહાડ, અને એવા એવા ઉંચા પાહાડ જોડાઇને સાથે લાંબા પથરાયલા તે પર્વત કહેવાય છે. સ—ખાડી કોને કહીએ? જ—સમુદ્રને મળવાની આગમચ ભરતીનું પાણી માંહે આવે એવું નદીનું મુખ જે પોહોળુ થાયછે તેને ખાડી કહેછે. સ—નદીનું મૂળ અને મુખ તે શું? જ—જે પર્વત કે સરોવરમાંથી નદી નીકળેછે તે ઠેકાણાને મૂળ, અને જ્યાં કે નદી સમુદ્ર અથવા દરીઆને મળેછે તેને મુખ કહેછે.

મુંબાઈ બેટનું વર્ણન.

અરબી સમુદ્રમાં મુંબઈ બેટ આવેલોછે. મુંબાઇ શેહેરની દક્ષીણ બાજુએ કોલાબા, બેકબે, અને બેપાટી, પુર્વમાં મુંબઇનું બારૂં, શીવરી અને મીઠાના અગર. પશ્ચિમમાં માહાલક્ષ્મી, ખંબાલા, વરલી અને માહીમ, ઉત્તરમાં માહીમ, ધારાવી. સાયન. મનમાલ, માટુંગા અને ગવરી. મધ્ય ભાગમાં દાદર, વડાલા, નાયગામ. પરેલ, ચીંચપોગલી અને મીંડગુંટ મંડળી, એ સીવાય તારદેવ.

ગીરગામ, કામાઠીપુરા, ખેતવાડી, બારાતળાવ, ભાયખળા, મલ્લાર પાખડી, મજગામ, ભુલેશ્વર, ઉમરખાડી, મારકીટ માંડવી, ધોબી તલાવ અને કોટ. નૈરૂત્ય કોણમાં વાલકેશ્વર જ્યાં ગવરનર સાહેબના બંગલો છે તથા હીંદુ લોકનું દેવળ છે. વાયવ્યકોણમાં વળી વડોદરા રેલવેનાં સ્ટેશનો જે મુંબઈમાં આવેલાં છે તેનાં નામ કોલાબા, ચર્ચગેટ, મરીનલાઇન, ચર્નીરોડ, ગ્રાંટરોડ, મહાલક્ષ્મી, પરેલ. દાદર, માહીમ, જી.આઇ.પી.રેલવેના સ્ટેશનાં જે મુંબઈમાં આવેલાંછે તેનાં નામ. બોરીબંદર,મસીદબંદર,ભાયખલા,અને ચીંચપોગલી,પરેલ,દાદર,

બંદરો—નીકલ બંદર, માલેટ બંદર, એલફીન્સ્ટન બંદર, કરનાક બંદર, મસીદ બંદર, મજગામ બંદર, પાલવા બંદર, ટાંક બંદર, અને બોરીબંદર છે; ગોદી ત્રણ છે કોટની અને મજગામની અને ત્રીજી એલફીન્સ્ટન બંદરની. કોલાબામાં જાણવા લાયક જગ્યાનાં નામ દીવાદાંડી, લ્યુંનેટ એ સાયલમ, અને કોલાબા ઓબઝરવેટરી, પાન્ડેની ધર્મશાળા.

તળાવ—નાયગામ, પરેલ, કાવસજી પટેલનું તળાવ, બાબુલાનું તળાવ. સાંકળીયું તળાવ, મુંબાદેવી, ભુલેશ્વર, વાલકેશ્વરનું તળાવ, અને મહાલક્ષ્મીનું તળાવ, કોટમાં જાણવા લાયક જગ્યાનાં નામ, ટાઉનહાલ, હ.ઇકોરેટ, તારહાફીસ, સેક્રીએટ હાફીસ, જનરલ પોસ્ટહાફીસ, એલફીન્સ્ટન સરકલ, ખ્રીસ્તી લોકોનું દેવળ, ટંકશાળ, અને ગોદી.ભાયખળાનાલતાપર જાણવાલાયક જગ્યાનાં નામ જમસેદજીજીજીભાઇનીઇસ્પીટાલ,વિક્ટોરિઆગાર્ડન,અનેએલફીન્સ્ટનકૉલેજ.

શેહેર—હિંદુસ્તાનના પશ્ચિમ કીનારાપર એક ટાપુમાં મુંબઈ શેહેર આવેલું છે તે એક અગતનું બંદર છે, અને અંગરેજ સરકારનું પશ્ચિમ તરફનું મુખ્ય શેહેર છે. મુંબઇ બેટ ઇ૦ સ૦ ૧૬૬૧ માં પોરતુગાલના રાજાએ બીજા ચાર્લસ રાજાને કંન્યાદાનમાં આપ્યો હતો. એ સપાટ મેદાન છે. તેની આજુબાજુએ કેટલાક ઉંચા ડુંગરા આવેલાછે, એ સપાટ મેદાન ૧૧મૈલ લાંબું અને ૩મૈલ હોળું છે. એ એનો ઘેરાવો ૨૦મૈલ કરતાં વધારેછે. કોટ અને બ-

હારકોટ મળી મુંબઇ શેહેરની વસ્તી ૬,૫૦૦૦૦ માણુસની છે એ વસ્તીમાં ઘણું કરીને પારસી, હિંદુ, ભાટિઆ, ખોજા વગેરેની છે. તેઓ ઘણા પૈસાદાર, મોટા વેહેપારી, અને લાખો રૂપીઆના ધણી છે, લંડનબાદ કરતાં અંગરેજી રાજમાં એ મોટામાં મોટું શેહેર છે ઘણું કરી એમાં ગુજરાતી અને મરાઠી ભાષા બોલાયછે, પણ વેપારને અર્થે દુનીઆના જુદાજુદા ભાગોમાંથી આવેલા લોકો અંગરેજી, હિંદુસ્તાની વગેરે ભાષાઓ બોલે છે. રંગારા. ચમાર, કંસારા, તથા બીજા કારીગરો પોતાનો હુનર એ બેટમાં કરેછે. પરંતુ સૌ કરતાં વધારે મોટો ધંધો સુતર કાંતવાનો ને કાપડ વણવાનો છે. એ બેટમાં વરાળયંત્રથી ચાલતાં કાંતવાનાં, વણવાનાં તથા ગાંસડી દાબવાનાં હાલમાં ૪૦ કરતાં વધારે કારખાનાં છે, અને તેમાં ૨૫૦૦૦ કરતાં વધારે માણુસની રોજી ચાલેછે. ખેતીના પાકમાં ડાંગર મુખ્ય છે. ભીંડી પણ થાયછે. તથા વનસ્પતી પણ ઘણી પાકેછે. દરીઆના પાણીને વધતાં અટકાવી જમીન ઉપર રેલવે બાંધી સાષ્ટી જીલ્લા સાથે મુંબઇના ઉત્તર ભાગને હાલમાં જોડી લીધો છે, બાકી બધી બાજુએ દરિઓ આવેલો છે; દુનિઆંમાં સૌથી મોટામામોટું બંદરોમાંનું એ એક બંદર છે, તેમાં વાહાણોને આગબોટો નીરંતર જથાબંધ રેહેછે. અને તે દુનિઆના સઘળા ભાગો તરફ આવજા કરેછે.

એ બંદર એટલે મુંબાઈ શેહેર ઘણું શોભાવંતું અને જોવા લાયક છે. અહિંયા વિલાયત વગેરે બહાર દેશાવરથી ઘણાક જાતજાતના યંત્રો, તેમજ કાપડ, ચીનીખાનું, રેશમ, કરીયાણું, વગેરે પુષ્કળ માલ આવેછે; અહિંયાંના ઘરોની બાંધણી ઘણીજ ઉંચી અને સરસ છે. જમીન પથ્થરની છે તેથી પાણી આગળતો કુઈ સારાં નોહોતાં, પણ હાલ દુરથી તળાવમાં નળો મુકી પાણી લાવેલાછે તેથી હાલ તે સારાં થયાં છે. ઇલાકાનું મોટું શેહેર એછે, તેથી એની સૌથી મોટા દરજ્જાની ઇનસાફની કચેરી અહિંયાં છે. ઇલાકાના ઉપરી વડા અધીકારી નામદાર ગવરનર સાહેબ બાહાદુર પણ અહિંયાં રેહેછે.

સમાપ્ત.

ખબર.

આ શીવાય બીજી ઠેકે જાતની ચુકો નીચે લખે-
લે ઠેકાણેથી મળશે.

વલસાડ—દ્વારકાંદાસ પરભુદાસ.

સુરત—બુકસેલર. મનચેરજી જમસેદજી, ઠા. નાણાવટમાં.

બુકસેલર. કશનદાસ નારણદાસ, ઠા. નાણાવટમાં.

બુકસેલર. ત્રીભોવન ગોપાળદાસ, ઠા. નવી સડક.

ભાવનગર—બુકસેલર. પાનાચંદ તેજા, ઠા. નવા બજારે.

વીરમગામ—બુકસેલર મુળશંકર બલુભાઈ.

ડાકોર—બુકસેલર. ત્રીભોવનદાસ રણછોડદાસ, પાસેથી.

સામટી લેવી હોય તેમણે પોષ્ટપેડ કાગળ લખી ખુ-
લાસો કરવો. નાટપેડ કાગળ લીધામાં આવશે નહીં. મુંબાઈ-
નાં છાપેલાં સંસ્કૃત, હીંદુસ્તાની, ગુજરાતી, ડીક્ષનેરીઓ, નાટકો,
જૈન ધરમનાં તથા વૈષ્ણવ ધરમની વારતાઓ, તથા કાયદાઓ
વીગરે બીજી ઘણી જાતનાં પુસ્તકો અમારી પાસેથી ઘણી
સરસ છાપને સસ્તી કીંમતે મળશે.